**સુવિચાર**
કાલની કોને પડી છે ? એમ ડંફાસ મારતો માણસ ઘણીવાર કાલની ચિંતા કરવામાં જ રાત્રે ઉંઘતો નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૭/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ અષાઢ સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૧૮૨

ફ્રી ઓપરેશન
દુખાવાના દર્દીઓ માટે વિશેષ સારવાર સુવિધા
■ ગરદન - કમર - ઘુંટણ- મણકાનો દુઃખાવો ■ હાથ-પગમાં ખાલી ચડવી કે દુઃખાવો થવો
■ ખભાનો દુઃખાવો કે ખભેથી હાથ ઉંચો ન થવો ■ હાડકાનાં ઓપરેશન પછીનો દુઃખાવો
અકસ્માત ઈજા ફેકચર ?
• રાહતદરે એકસ-રે • રાહત દરે લેબોરેટરી
નિદાન ફી રૂા. ૫૦/-
ડો. આનંદ કારીયા (એમ.એસ. ઓર્થો.) કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક સર્જન
સમય સોમ થી શનિ
સવારેઃ ૧૦:૦૦ થી ૧:૦૦
સાંજે : ૫:૦૦ થી ૮:૦૦ સુધી
૨૪ X ૭ કલાક ઈમરજન્સી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦
ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## દેશનાં જુદા–જુદા ૭ રાજયોની વિધાનસભાની ૧૩ બેઠકોમાંથી ૧૦માં 'ઈન્ડિયા'ની જીત

# ભારત દેશમાં "ભાજપ તારા વળતા પાણી" જેવો માહોલ ઉભો થયો

### કોંગ્રેસ અને ટીએમસીએ ૪–૪ બેઠકો પર પ્રચંડ વિજય મેળવ્યો ભાજપને માત્ર ૨ બેઠક

### એક બેઠક ઉપર આમ આદમી પાર્ટીનાં ઉમેદવારની બલ્લે–બલ્લે જોવા મળી

### એક દાયકાથી દેશમાં શાસન ચલાવતાં ભાજપને લોકસભા બાદ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ફટકો પડયો

### પેટા ચૂંટણીનાં પરિણામોની સીધી અસર મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડની પેટા ચૂંટણીમાં દેખાશે

નવી દિલ્હી, તા.૧૩

દેશના સાત રાજ્યોમાં ૧૦ જુલાઈએ યોજાયેલી ૧૩ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે આજે મતગણતરી થઈ હતી. ભાજપની આગેવાની હેઠળના એનડીએએ બે બેઠકો જીતી છે. ૭ રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં કોંગ્રેસ અને TMCએ ૪-૪ બેઠકો જીતી છે. જ્યારે ભાજપ ૨ બેઠકો જીતી શકી હતી. જલંધર બેઠક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી છે. ટીએમસીએ પશ્ચિમ બંગાળની ચારેય બેઠકો કબજે કરી લીધી છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં ૨-૧થી મુકાબલો રહ્યો હતો, જ્યાં સત્તાધારી કોંગ્રેસે ૨ અને ભાજપે એક બેઠક જીતી હતી.

ઉત્તરાખંડ :- ઉત્તરાખંડમાં મંગલૌર અને બદ્રીનાથ સીટ પર પેટાચૂંટણી યોજાઈ હતી. આ બેઠકો અગાઉ કોંગ્રેસ અને બસપાના કબજામાં હતી અને ભાજપ પાસે બેઠકો કબજે કરવાનો પડકાર હતો, જેમાં તે સફળ થઈ શક્યું નહીં. બદ્રીનાથ બેઠક પર કોંગ્રેસના લખપત સિંહ બુટોલાએ ભાજપના રાજેન્દ્ર ભંડારીને ૫ હજારથી વધુ મતોથી હરાવ્યા હતા. રાજેન્દ્ર ભંડારી અગાઉ અહીંથી ધારાસભ્ય હતા પરંતુ બાદમાં તેઓ ભાજપમાં જોડાયા હતા. બીજી તરફ, BSP ધારાસભ્ય સરબત કરીમ અન્સારીના નિધન બાદ ખાલી પડેલી મંગલૌર સીટ પર કોંગ્રેસના કાઝી નિઝામુદ્દીન જીત્યા હતા અને કાંટે કી ટક્કરમાં તેમણે ભાજપના કરતાર સિંહ ભડાનાને ૪૦૦થી વધુ મતોથી હરાવ્યા હતા. કાઝી નિઝામુદ્દીન અગાઉ ત્રણ વખત આ બેઠક પરથી કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે.

હિમાચલ પ્રદેશ :- હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસે ત્રણમાંથી ૨ બેઠકો જીતી છે. દેહરા સીટ પરથી મુખ્યમંત્રી સુખુના પત્નીએ ૯૩૯૯ મતોથી ચૂંટણી જીતી હતી, જ્યારે નાલાગઢ સીટ પરથી કોંગ્રેસના હરદીપ સિંહ બાવાએ બીજેપીના કે.એલ ઠાકુરને લગભગ ૯ હજાર મતોથી હરાવ્યા હતા. હમીરપુરમાં બીજેપીના આશિષ શર્માએ કોંગ્રેસના પુષ્પેન્દ્ર વર્માને ૧૫૭૧ વોટથી કાંટે કી ટક્કરમાં હરાવ્યા હતા. અગાઉ આ ત્રણેય બેઠકો અપક્ષ ઉમેદવારો પાસે હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

| રાજ્ય | વિધાનસભા | જીત | હાર |
|---|---|---|---|
| મધ્યપ્રદેશ | અમરવાડા | ભાજપ | કોંગ્રેસ |
| બિહાર | રુપૌલી | અપક્ષ | જેડીયૂ |
| પંજાબ | જાલંધર પશ્ચિમ | AAP | ભાજપ |
| પશ્ચિમ બંગાળ | રાનાઘાટ દક્ષિણ | ટીએમસી | ભાજપ |
| | રાયગંજ | ટીએમસી | ભાજપ |
| | બાગદા | ટીએમસી | ભાજપ |
| | માનિકતલા | ટીએમસી | ભાજપ |
| હિમાચલ પ્રદેશ | હમીરપુર | ભાજપ | કોંગ્રેસ |
| | દેહરા | કોંગ્રેસ | ભાજપ |
| | નલગઢ | કોંગ્રેસ | ભાજપ |
| ઉત્તરાખંડ | બદ્રીનાથ | કોંગ્રેસ | ભાજપ |
| | મંગલૌર | કોંગ્રેસ | બીએસપી |
| તમિલનાડુ | વિક્રવંડી | ડીએમકે | પીએમકે |

## અમરેલીમાં નેશનલ હાઈવે બિસ્માર



અમરેલીની ભાગોળેથી પસાર થતાં નેશનલ હાઈવેમાં ગાબડા પડી જતાં વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરનાં ગાવડકા માર્ગ ઉપર આવેલ "રાધેશ્યામ" હોટલથી વાયા હમીરસિંહ સર્કલ થઈને નાના માચીયાળા સુધીનાં નેશનલ હાઈવેમાં સાવરકુંડલા ચોકીએ પાણીની પાઈપલાઈન માર્ગ નીચેથી પસાર થતાં ભયજનક ગાબડા પડી ગયેલ હોય લોડિંગ વાહન ચાલકોને વાહન ચલાવવાનું મુશ્કેલ બની રહ્યું હોય નેશનલ હાઈવે વિભાગ આળશ ખંખેરે તે જરૂરી છે.

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની એસ.ટી.માં ગતિનો અભાવ

## લ્યો બોલો : બગસરાથી સુરત જતી એસ.ટી. બસ એક કલાક મોડી ઉપડતાં મુસાફરો તોબા પોકારી ગયા

### છેલ્લા ઘણા સમયથી બગસરા એસ.ટી. ડેપો વિવાદનું કેન્દ્ર બની રહ્યો છે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૧૩

બગસરા એસ.ટી. ડેપો દ્વારા અનેક વખત લાંબા રૂટની બસો નિયત સમય મર્યાદામાંમાં ઉપડતી ના હોવાની ફરિયાદો સામે આવી રહી છે. એવામાં આજે સવારે સુરત જવાની બગસરા–સુરત બસ શહેરની બહાર નીકળતાની સાથે જ મશીનમાં ખરાબી આવવાને લીધે કંડકટર દ્વારા ડ્રાઈવરને કહેવાથી બસ શહેરની બહાર નીકળતાની સાથે જ ત્યાંને ત્યાં જ સવા કલાક સુધી ઉભી રાખી દીધેલી હતી. ત્યારે ડ્રાઈવર, કંડકટર રાહદારીઓનું મોટર સાયકલ માગીને એસ.ટી. ડેપોમાં આવતા મશીન બગાડવાની ફરિયાદના લીધે ઓપરેટરને કહેવાથી ઓપરેટર દ્વારા હું હમણાં આવું છું એવું કહીને એક કલાક સુધી ના આવતા લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. જયારે ઓપરેટર દ્વારા મશીન રીપેર કે નવું મશીન આપવા માટે ડ્રાઈવર–કંડકટરને એક કલાક સુધી રાહ જોવડાવી હતી. જેના હિસાબે બગસરાથી સુરત જતી બસ એક કલાક મોડી ઉપાડતા લોકોને નિયત સમય પર પહોંચવું મુશ્કેલ બન્યું હતું. જયારે આ

અનુસંધાન પાના ૬ ઉપર

### રાની પશુઓ જિલ્લાનાં મુખ્ય મથકની સરહદે

## અમરેલીનાં ફતેપુર માર્ગ ઉપર આવેલ નંદનવન ફાર્મમાં દીપડાએ દેખા દીધી

### એક રખડુ શ્વાનનું મારણ કર્યાની ચર્ચા

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં સિંહ, દીપડા જેવા રાનીપશુઓ ગીરકાંઠાનાં વિસ્તારો બાદ હવે જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીની સરહદ સુધી આવી ચડતાં હોય નાગરિકોમાં ફફડાટ ફેલાયો છે.

અમરેલીનાં ફતેપુર માર્ગ ઉપર આવેલ નંદનવન ફાર્મ ખાતે દીપડાએ આગમન કરીને એક રખડુ શ્વાનનું મારણ કર્યુ હોય વન વિભાગ ધ્વારા દીપડાને પાંજરે પુરવામાં આવે તેવી માંગ ઉભી થઈ રહી છે.

: મકાન વેચવાનું છે :
અમરેલીમાં માણેકપરા, ખોડીયાર ચોક હનુમાનજી મંદિર સામે, જેમા બેરૂમ, રસોડું ઓસરી, ફળીયું (ફોર વ્હીલ પાર્કિંગ) સંડાસ – બાથરૂમ સાથેનું (કોર્નરનું મકાન) અંદાજીત પોણાવસા અંદર
સંપર્ક : ૯૮૨૪૯ ૯૭૪૨૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,590/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૩/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Aikyam
એકયમ ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ • ચિંતા - ટેન્શન
• મરવાના વિચાર આવવા • માથાનો દુઃખાવો
• વિચારવાયુ • જાતિય રોગો
• વહેમ, શંકા • વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, ગાંજા
• મંદબુધ્ધિ બાળકોની સારવાર
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મા ગ્રાહક (P.G.) ની સુવિધા ઉપલબ્ધ...

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જયુબીલી દવાખાના પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સુવિધાસભર બનેલ મકાનનું થયું લોકાર્પણ

# ભૈ વાહ : નાના આંકડીયામાં ૭૬ લાખનાં ખર્ચે શાળાનું નવું મકાન બનાવાયું

રાજય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે સુદ્રઢ વ્યવસ્થાઓનું નિર્માણ કરવામાં આવ્યું

સ્માર્ટ કલાસ રૂમ થકી ટેકનોલોજી સાથે બાળકો જોડાઈ રહ્યા છે : વેકરિયા

નાના એવા ગામમાં પ્રાથમિક શાળાનું નવું મકાન બનતાં બાળકો, શિક્ષકો અને વાલીઓ ખૂશ

જિલ્લા પંચાયતનાં સદસ્ય, તાલુકા પંચાયતનાં પ્રમુખ સહિતનાં પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા




અમરેલી, તા. ૧૩ જુલાઈ

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક અને અમરેલી–કુંકાવાવ–વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલીના નાના આંકડિયા ખાતે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા પ્રાથમિક શાળાના નવ નિર્મિત બિલ્ડિંગના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. અંદાજે રૂા. ૭૬ લાખથી વધુના ખર્ચે પ્રાથમિક શાળા, નાના આંકડિયાના અદ્યતન સુવિધાસભર બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રમાં પ્રશંસનીય પરિવર્તન આવી રહ્યું છે. નવી શિક્ષા નીતિમાં બાળકોને કૌશલ્ય નિર્માણની પણ તક મળેછે. બાળકોને શાળા કક્ષાએ કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ કલાસરૂમ જેવી સુવિધાઓ પણ પ્રાપ્ત થઈ છે. નાના આંકડિયા ખાતે પ્રાથમિક શાળાના નવ નિર્મિત અદ્યતન બિલ્ડિંગમાં રૂા. ૫ લાખના ખર્ચે અદ્યતન કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવી છે. આ અદ્યતન કોમ્પ્યુટર લેબ શાળાના બાળકોને આધુનિક ટેકનોલોજી સાથે જોડવાનું માધ્યમ બનશે. ઉલ્લેખનીય છે કે, સ્માર્ટ કલાસરૂમની મદદથી બાળકો ડિજિટલ શિક્ષા પણ પ્રાપ્ત કરશે.

નાના આંકડિયા ખાતે પ્રાથમિક શાળાના નવનિર્મિત બિલ્ડિંગના લોકાર્પણ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, રાજય સરકાર દ્વારા રાજયમાં શિક્ષણ ક્ષેત્રે સુદ્રઢ વ્યવસ્થાઓનું નિર્માણ કરવામાં આવ્યુ છે. બાળકો સ્માર્ટ કલાસરૂમ થકી ટેકનોલોજી સાથે જોડાઈ રહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યુ કે, જિલ્લામાં અંદાજે રૂા. ૨૦૦ કરોડના પુલના કામોની મંજૂરી મળી છે, વિકાસના આ કામો આગામી સમયમાં તેજ ગતિથી આગળ ધપશે.

નાના આંકડિયા ખાતે પ્રાથમિક શાળાના નવનિર્મિત બિલ્ડિંગના લોકાર્પણ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય, અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેનના પ્રતિનિધી, તાલુકા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેન પ્રતિનિધિ, અમર ડેરી ચેરમેન અનિભાઈ સાવલિયા, નાના આંકડિયા સરપંચ, પ્રાથમિક શાળાના આચાર્ય, શિક્ષક, બહોળી સંખ્યામાં ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સમગ્ર પંથકમાં મુરઝાતી મોલાતને ફાયદો

## સાવકુંડલા પંથકમાં વાવણી કાર્ય બાદ સૌ પ્રથમ વખત વરસાદ પડયો

**જગતાત ગણાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ**

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેર તથા તાલુકા ૭૯ ગામોના ગ્રામ્ય વિસ્તારમાં વાવણી પછીનો પહેલો સારો વરસાદ પડયો હતો લોકોને ગરમીમાંથી મુક્તિ મળી હતી અને સારા એવા વરસાદથી ખેડૂતો પણ ખુશ ખુશાલ થયા હતા સાવરકુંડલા તેમજ તાલુકાના વીજપડી ગામમાં સારા એવા પ્રમાણમાં વરસાદ પડયો હતો તથા આસપાસના ગામોમાં સારો એવો વરસાદ નોંધાયો હતો લાંબા વિરામ બાદ સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તાર તથા વીજપડીમાં સારો વરસાદ પડતા લોકોમાં પણ ખુશી વ્યાપી હતી સમગ્ર સાવરકુંડલા તાલુકામાં ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો જેમાં સાવરકુંડલા તથા તાલુકાના ઝીંઝુડા, પીઠવડી, પીયાવા, વંડા, આકોલડા, ખાલપર, મેકડાં, ફિફાદ, ઠવી સહિતના ગામોમાં સારો એવો વરસાદ પડયો હતો વાવણી બાદ પહેલો આજે સારો વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી વ્યાપી જવા પામી હતી.



### પીજીવીસીએલ કચેરી દ્વારા સુંદર કાર્ય

## ખાંભા ખાતે વીજ ગ્રાહકોનાં હિતમાં એમવીસીસી કેબલની કામગીરી શરૂ કરાઈ

**અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યાં**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૩

ખાંભા પીજીવીસીએલ કચેરી દ્વારા ખાંભા શહેરમાં વીજળી વિતરણની વિશ્વસનિયતા અને સલામતી વધારવાની દિશામાં નોંધપાત્ર પગલાં રૂપે નાં ભાગરૂપે આજ રોજ ખાંભા પેટા વિભાગ પીજીવીસીએલ કચેરી દ્વારા હેઠળ ૧૧ કેવી ખાંભા જયોતિ ગ્રામમાં નવા (એમવીસીસી) કેબલ સાથે જૂનાં કંડકટર બદલવાની શરૂઆત કરી છે. ઈન્સ્યુલેટર કંડકટર થતા આકસ્મિક અકસ્માત શોર્ટ સર્કિટ તેમજ બાહ્ય પરિબળો જેમ કે વૃક્ષો પક્ષીઓ અને હવામાનની ગંભીર પરિસ્થિતિ કોને લીધે થતી ખામીઓ ઘટાડવાનાં ભાગરૂપે મદદરૂપ થશે અને થતી વીજળીની વિસંગતતામાં ઘટાડો થશે અને ખાંભા શહેરના ગ્રામજનોને ફાયદો થશે. આ (એમવીસીસી) કેબલ ની પ્રથમ દિવસે કામગીરી હાથ ધરી હતી.

ત્યારે ખાંભાના રાજકીય આગેવાનો સરપંચ તેમજ ડેપ્યુટી એન્જિનિયર વી ડી મોરી જુનિયર એન્જિનિયર જાદવ આર જે ગોહીલ તેમજ પીજીવીસીએલ સ્ટાફ તેમજ જેટકોનો સ્ટાફ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને શ્રીફળ વધેરી મો મીઠાં કરાવી કામગીરીનો શુભારંભ કરાવ્યો હતો.

## બગસરા : પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરામાં આવનારા તહેવાર જેવા કે મોહરમને અનુલક્ષીને લોકોમાં શાંતિ બની રહે અને તહેવાર શાંતિથી ઉજવવામાં આવે તે માટે હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનોને બોલાવી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું ટ્રાફિક સમસ્યાના મુદ્દા યથાવત રહ્યો છે તેમજ શાંતિ સમિતિની બેઠકમાં અમુક લોકોને આમંત્રણ આપવામાં આવતું નથી બગસરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પોતાની મનમાની કરી રહ્યા હોય તેમ અમુકને જ આમંત્રણ આપે છે તેમ પી.આઈ.ને રજૂઆત કરવામાં આવી હતી આ મીટીંગ બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ સાલુકે તેમજ પી.એસ.આઈ. ગઢવીની અધ્યક્ષતા મળી હતી જેમાં શહેરની મુખ્ય બજારમાં ટ્રાફિકની સમસ્યા વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

### અમર ડેરી પરિવાર દ્વારા

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમમાં વૃક્ષારોપણ કરાયુ

**આગામી દિવસોમાં પણ વૃક્ષારોપણ કરાશે**



અમરેલી, તા. ૧૩

અમરેલી સારહિ તપોવન આશ્રમ ખાતે પ્રમુખ મુકેશભાઈ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ અને સુરેશભાઈ શેખવા તથા અમરડેરીના સ્ટાફ પરિવાર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે સારહિ તપોવન આશ્રમના તપસ્વીઓ, સ્ટાફ પરિવાર આગામી દિવસોમાં વધુમાં વધુ વૃક્ષારોપણ કરવામાં આવશે.

### હદપારીનો ભંગ કરનાર જાહેરમાં દેખાયો

## અમરેલી જિલ્લામાંથી હદપાર થયેલ આરોપીને ચલાલામાંથી પોલીસે ઝડપી લીધો

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૩

ચલાલાના દાનેવ સોસાયટીમાં જવાના રસ્તે રહેતા આરોપી અમીત વિજયભાઈ સોલંકીને સબ ડિવીઝનલ મેજી. ધારીના હુકમ હદપારી કેસ. નં. ૧/૨૪ ના કામે છ–માસ અમરેલી જીલ્લા તથા તેને લાગીને આવેલ જુનાગઢ તથા ગીર સોમનાથ એમ કુલ–૩ જીલ્લાઓમાંથી હદપાર કરેલ હોવા છતાં મજકુર ઈસમ કોર્ટ અથવા કોઈ સત્તાધિકારીની પુર્વ મંજુરી વગર અમરેલી જીલ્લાના ચલાલામાં પ્રવેશ કરી હદપારી હુકમનો ભંગ કરી જાહેરમાંથી મળી આવતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### અધિકારીનું નાઈટ રાઉન્ડનું લોકેશન માંગીને

## સાવરકુંડલાનાં વન વિભાગની કચેરીમાં નોકરી કરતાં યુવકને મારી નાખવાની ધમકી

**પોલીસે બે ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલાના હાથસણી રોડ ઉપર આવેલ આસોપાલવ સોસાયટીના બ્લોક નં. ૪૮ માં રહેતા અને ફોરેસ્ટ ઓફીસ સાવરકુંડલા કોન્ટ્રાકટ બેઈઝમાં નોકરી કરતા હિતેન્દ્રભાઈ ઉર્ફે હીતેષ લક્ષ્મણભાઈ રાઠોડ નામનાં ૩૬ વર્ષિય યુવકને ફોરેસ્ટ ઓફીસમાં સરકારી લેન્ડલાઈન નં. (૦૨૮૪૫) ૨૨૨૮૫૬ ઉપર મેવાસા ગામે રહેતા રઘુવીરભાઈ રામકુભાઈ જેબલીયા તથા લુવારા ગામે રહેતા હરદીપભાઈ ચાદુ નામનાં બંને આરોપી વારંવાર ફોન કરી અધિકારીનું નાઈટ રાઉન્ડનું લોકેશન માગતા હોય. જેથી યુવકે લોકેશન આપવાની ના પાડતા યુવકને જેમ ફાવે તેમ ગાળો આપી જીવતો મુકીશ નહી તને પતાવી દઈશ તેમજ તારે સાવરકુંડલામાં નોકરી કરવી છે ને? તને પતાવી દઈશુ તેવી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### દીવાલ કૂદીને તસ્કરનાં પરોણા

## અમરેલીનાં જેસીંગપરાનાં રામપરામાં આવેલ બંધ રહેણાંક મકાનમાંથી ચોરી

**રૂપિયા ૪૪ હજારનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ**

અમરેલી, તા. ૧૩

અમરેલીના જેસીંગપરા, રામપરા શેરી નં. ૫ માં આવેલ વેરાઈ કૃપામાં રહેતા રવિભાઈ મનસુખભાઈ વઘાસીયા નામનાં ૩૧ વર્ષિય વેપારી યુવકના બંધ રહેણાંક મકાનમાં કોઈ ચોર અજાણ્યા ઈસમે ગત તા. ૧૦ના સાંજના આશરે સાતેક વાગ્યાથી તા. ૧૨ ના સવારના આશરે આઠેક વાગ્યાના સમય દરમ્યાન રહેણાંક મકાને દીવાલ કુદીને મકાન પાછળની લોબીના ઉપરના સળીયા તોડી તથા વાળી નાંખી મકાનના રૂમની એલ્યુમિનિયમ સેકશનની બારી ખોલી મકાન અંદર ગેરકાયદેસર પ્રવેશ કરી એક જોડ સોનાની બુટી લંબગોળ મીણા ઘાટની જે આશરે ૬ ગ્રામ વજનની જેની આશરે કિંમત રૂા. ૨૪,૦૦૦ ની તથા સોનાની વિટી નંગ–૧ ગોળ ઘાટની જે આશરે ૩ ગ્રામ વજનની જેની આશરે કિંમત રૂા. ૧૨,૦૦૦ ની તથા પગમાં પહેરવાના બે જોડ ચાંદીના મોર જે આશરે ૧૦૦ ગ્રામ વજનના જેની આશરે કિંમત રૂા. ૪૩૦૦ તથા એક જોડ ચાંદીના છડા પટ્ટી ઘાટના આશરે ૬૦ ગ્રામ વજનના જેની આશરે કિંમત રૂા. ૩૦૦૦ તથા વેપારીના દિકરાની ચાંદીની નાની લક્કી લંબગોળ પટ્ટી ઘાટની કિંમત આશરે રૂા. ૧૦૦૦ તથા રોકડ રકમ આશરે રૂા. ૫૦૦૦ મળી કુલ રૂા. ૪૪,૩૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાલાએ વિકાસની કેડી કંડારી

# સાવરકુંડલા ખાતે ૮ કરોડનાં ખર્ચે 'અટલ ઓડિટોરિયમ' બનશે

**અગાઉ સ્પોર્ટસ સંકુલ, અમૃત સરોવર બાદ આધુનિક ઓડિટોરિયમની શહેરીજનોને ભેટ મળી**

**નાવલી નદી ઉપર તૈયાર થનાર રીવરફ્રન્ટ સમગ્ર જિલ્લા માટે નજરાણું બનશે**

**સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવા માટે તમામ કામગીરી કરાશે : કસવાલા**

**જિલ્લામાં સૌથી વધુ વિકાસ કાર્યો કરવામાં ધારાસભ્ય કસવાલા અગ્રેસર બની રહ્યા છે**



સાવરકુંડલા, તા. ૧૩

સરકાર ધ્વારા વિકાસની હરણફાળમાં પાછી પાની નહિ કરીને અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા ખાતે ૮ કરોડનાં ખર્ચે એક વિશાળ ઓડિટોરિયમનું ખાતમુર્હુત સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાલાનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કલાપ્રેમી અને શહેરના પ્રબુધ્ધ નાગરિકોની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે આજે સાવરકુંડલાના ઓપન એર થિયેટર નજીક જ સેન્ટ્રલ એસી, ૫૦૦ સીટિંગ એરેન્જમેન્ટ, સ્ટેજ તથા સાઉન્ડ પ્રુફ સિસ્ટમ, ફિલ્ટર પ્લાન્ટ, પાર્કિંગ જેવી અદ્યતન સુવિધાસભર ઓડિટોરિયમના ખાતમુર્હુત પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયાએ વિજેતા થયાના ૧ માસ ને આઠ દિવસમાં ૯મી વાર સાવરકુંડલા ખાતે ખાતમુર્હુતમાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. જયારે ધારાસભ્યા મહેશ કસવાલાએ સાવરકુંડલા-લીલીયા વિધાનસભાને વિકાસની નવી કેડી કંડારવાના અભિગમથી કાર્ય કરીને રાજયની વિકાસ લક્ષી સરકાર ધ્વારા ૮ કરોડના ખર્ચે આકાર પામતા ઓડિટોરિયમને અટલ ઓડિટોરિયમ નામ આપીને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈ જે એક કવિ સાથે રાજકીય વારસો જળ વાઈ તેવા હેતુ જળવાઈ રહે જયારે આ અટલ ઓડિટોરિયમનું લોકાર્પણમાં રાજયના કલાવિભૂતિઓને ખાસ ઉપસ્થિત રાખવાની કોલ ધારાસભ્ય મહેશ કસવાલાએ આપ્યો હતો. આ અટલ ઓડિટોરિયમના ખાતમુર્હુત પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, માર્કેટિંગ યાર્ડ ચેરમેન દીપકભાઈ માલાણી, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ વાઘેલા, તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી, જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, શરદભાઈ ગોદાણી, અરવિંદભાઈ માંગુકીયા, મનુભાઈ ડાવરા, રસીકભાઈ વેકરીયા, નગરપાલિકા હોદેદારો, ચેરમેનો, સદસ્યો, શહેર તેમજ ગ્રામ્ય કાર્યકર્તાઓ, સાહિત્ય જગતના કલા પ્રેમીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હોવાની સત્વ અટલધારા કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી. હિરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### જસદણનાં મોટા દડવા ગામથી નીકળ્યા બાદ

## સાવરકુંડલાનાં બાઢડા નજીક કાર ચાલકે હડફેટે લેતા બાઈક સવાર યુવકનું મોત

**પોલીસે નિયમાનુસાર કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૧૩

જસદણ તાલુકાના મોટા દડવા ગામે રહેતા જીતેન્દ્રભાઈ છગનભાઈ ચૌહાણ નામનાં ૨૫ વર્ષિય યુવકના ભાઈ જગદીશભાઈ છગનભાઈ ચૌહાણ તા. ૧૧ સવારના અગિયારેક વાગ્યા આસપાસ તેના મિત્ર નરભેરામ મોતીજી સોલંકીનું મોટર સાયકલનં. જી.જે.-૧૪ પી-૧૯૯૬ લઈને સાવરકુંડલા નજીક આવેલ બાઢડા ગામ પહેલા આવેલ પાર્થ ઈન્ડસ્ટ્રીયલ પાસે પહોંચતા સામેથી એક ફોરવ્હીલ નં. જી.જે.-૪ એએ-૩૩૩૨ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી મોટર સાયકલ સાથે ભટકાડી માથાના પાછળના ભાગે ગંભીર ઈજા કરી તેમજ કપાળે અને દાઢીએ ઈજા કરી તથા બન્ને હાથ અને પગે છોલાણ કરી જગદીશભાઈનું મોત નિપજાવી ગુન્હો કરી નાશી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## જામકા ગામનાં પ્લાન્ટમાંથી ૧૮૦૦ મીટર વાયરની ચોરી

અમરેલી, તા. ૧૩

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ રોયલ પાર્કમાં રહેતા અને સિકયુરીટી એજન્સી સર્વિસ ચલાવતાં બિપિનચંદ્ર નંદલાલભાઈ અગ્રાવત માંડવડા તેમજ જામકા ગામે સર્વે નંબર પર આવેલા સોલાર પ્લાન્ટમાં સીકયુરીટી એજન્સી ચલાવતા હોય. આ માંડવડા તેમજ જામકા સર્વે પર આવેલા કુલ-૨૦૦ એકર જમીનમાં આવેલ જામકા સર્વે નંબરના સોલાર પેનલના પી.વી. મોડયુલ કેબલમાંથી આઈલેન્ડ વન પ્લાન્ટમાં ગેરકાયદે પ્રવેશ કરી જેમાં રહેલ આશરે ૧૮૦૦ મીટર જેટલો સ્ટ્રીગ કેબલ વાયર આશરે કિંમત રૂપિયા ૪૦,૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### ૪૦ વર્ષમાં ખેંચની બીમારી લાગુ પડી

## લાઠીનાં દહિંથરા ગામની મહિલાએ બીમારીથી કંટાળીને ઝેરી દવા પી લીધી

**સારવાર દરમિયાન અંતિમ વાટ પકડી**

અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાના દહિંથરા ગામે રહેતા પુરીબેન દામજીભાઈ ભલાણી નામની ૪૦ વર્ષિય મહિલાને ખેંચની બીમારી હોય. જે બીમારીથી કંટાળી જઈ તા. ૯ના રોજ પોતે પોતાની મેળે ઘરમાં પડેલ ઘાસ બાળવાની દવા લઈ પી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલછે.


માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




















**પ્રકરણ-૧૯૩ વર્ષ ૧૯૬૧**

**'' યા ..હું ......ચાહે કોઈ મુજે જંગલી કહે ..કેહને દો જી કેહતા રહે ''**

**''અહેસાન તેરા હોગા મુજ પર ...દિલ ચાહતા હૈ ..વો કેહને દો .''**




## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**




**પ્રિય વાચક મિત્રો ,**

૧૯૬૧ નાં ફિલ્મી સફરમાં હવે આપણે બીજા અને પ્રથમ નંબરની ફિલ્મો તરફ જઈ રહ્યા છીએ. આ બન્ને ફિલ્મોમાં સામ્યતા એક જ છે કે, બન્ને ફિલ્મો રંગીન છે. હિન્દી સિનેમામાં રંગીન ફિલ્મો બનતી નથી. દિલિપ, દેવ અને રાજ જેવા સુપર સ્ટારને લઈને પણ નિર્માતા રંગીન ફિલ્મો બનાવતા નથી. જયારે હોલીવુડમાં ૧૯૫૦ના દસકથી ઈસ્ટમેન કલર ફિલ્મો બની રહી છે. ભારતમાં સાઉથમાં અમુક ફિલ્મો રંગીન બની રહી હતી. જયારે હિન્દી સિનેમા માં ૧૯૫૩માં અશોક કુમારની ફિલ્મ શોલેએ બ્લેક (અને) વ્હાઈટ માં શેડો કલર ફિલ્મ બની. ત્યારબાદ હોમી વાડિયા અને વી શાંતા રામે ઓરવો કલર ફિલ્મ આપી, વી શાંતા રામની ફિલ્મ જનક જનક પાયલ બાજે ૧૯૫૫ માં રંગીન આવ્રુતિ આવી. ફિલ્મમાં કથા નાની હતી. પણ શાસ્ત્રીય સંગીત અને નૃત્યની સાથે ફિલ્મ રંગીન હોવાથી સફળ રહી હતી. ૧૯૬૧માં શમ્મી કપૂર જેવા નવા પણ સફળ કલાકાર અને નવોદિત અભિનેત્રી સાથે રંગીન ફિલ્મ બનાવવી એક જોખમ જ હતું પણ તે સફળ થયું. સાથે દિલિપ કુમારે અન્ય નિર્માતા નિર્દેશકની રંગીન ફિલ્મની અપેક્ષા રાખ્યા વગર પોતા ના જ હોમ પ્રોડક્શનમાં રંગીન ફિલ્મ બનાવી અને હર હમેંશ મુજબ દિલિપની ફિલ્મ વર્ષની પ્રથમ નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ. હવે રંગીન ફિલ્મોને ઈસ્ટમેન કલર કેમ કેહવાય છે? તો સમજીએ કે ઈસ્ટમેન એ તે કોડેક કંપનીનાં સ્થાપક જયોર્જ ઈસ્ટમેનના નામ પરથી ઓળખાય છે. ૧૯૫૦ થી આ કંપની એ રંગીન પ્રિન્ટ તૈયાર કરેલ છે. ઈસ્ટમેન નેગેટિવ એટ્લે ઈ સી એનએ ૧૯૫૦ ના દસકથી શરૂ થયું. જે ૧૯૭૦ ના દસક સુધી લોકપ્રિય રહ્યુ. પેહલા તે પ્રિન્ટને ફિલ્મો માટે અનુકૂળ બનાવી પડી હતી અને ૪૧ ડિગ્રી એ તે સાઢં કામ આપી શકે તેવી બનાવી ત્યારબાદ ફિલ્મોમાં રૂપાંતરિત કરવા માં આવી હતી .

વાત કરીયે ૧૯૬૧ની રંગીન ફિલ્મની જંગલી–સુબોધ મુખરજી એ દેવ આનંદ સાથે જોડાયેલા નિર્માતા છે. ૧૯૫૫થી મુનીમજીની સફળતા બાદ તેઓએ દેવને રિપીટ કર્યા હતા પણ જંગલી ફિલ્મનાં શીર્ષક મુજબ દેવ આ ફિલ્મમાં ઢળ ીશકે તેમ ના હતા સાથે શમ્મી કપૂર એ યુવા દિલો પર કબ્જો જમાવવાનું શરૂ કરી દીધું હતુ અને સુબોધે અહી શમ્મી સાથે ફિલ્મ બનાવી છે. સુબોધે સાયરાને કથક ડાન્સના કાર્યક્રમમાં નિહાળી હતી અને તેમણે નસિમબાનુ જે તેમના માતા હતા તેમને નવી ફિલ્મ માટે સાયરાનું માગું નાખ્યું. સાયરા તે સમયે માત્ર સોળ વર્ષના હતા. છતા જો હિન્દી સિનેમામાં પ્રવેશ અને તે પણ સુબોધ જેવા નિર્માતા અને રંગીન ફિલ્મ દ્વારા થતો હોય તેમણે તે સ્વીકારી લીધુ. ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ સુબોધ મુખર્જી એ કર્યુ. કહાની પણ તેમણે લખેલ છે. સંવાદ આગા જાનીના છે એન વી શ્રી નિવાસની સિનેમા ઓટોગ્રાફી અને વી કે નાયકનું અડિટિંગ સાથે શૈલેન્દ્ર અને હસરત જઈપૂરીનાં ગીતો અને શંકર જઈકિસનનું મધુર યાદગાર સંગીત સાથે શમ્મી કપૂર, સાયરાબાનુ, લલિતાપવાર, અનુપકુમાર, શશિકલા, અઝરા, મોનીચેટરજી, અસિત સેન, શિવરાજ, મેકમોહન, હેલેન, રાજન હકસરથી અભિનીત આ ફિલ્મ વર્ષની બીજા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ. ફિલ્મની કથા અમીરી ગરીબી વચ્ચે અને અમીર વ્યક્તિના અભિમાન વચ્ચે પીડાતા પ્રેમીઓની છે. પ્રેમ એક એવું ઝરણું છે જે રણમાં પણ ગુલાબ ખીલવી શકે છે. લલિતા એક ધનિક મહિલા છે અને ધનના અભિમાન સાથે શિસ્તનું પાલન કરે છે. તેનો પુત્ર શમ્મી તેનાથી ચડે તેવો છે. ધનના અભિમાને તેને જંગલી જેવો કરીદીધો છે. લોકો તેની સાથે વાત કરતાં ડરે છે અને સાથે પસંદ પણ કરતાં નથી. શમ્મીને ધનનું અભિમાન કહો કે માતાની શિક્ષા પણ વડીલોનું સન્માન કેમ જાળવવું તે પણ સમજમાં નથી. આ પરિવારમાં એક પુત્રી શશિકલા છે. જે અનુપને પ્રેમ કરે છે. અનુપ એક ગરીબ વ્યક્તિ છ. જે ક્લાર્કની નોકરી કરે છે. તેના પ્રેમ વિષે લલિતાને શક જતાં તે શમ્મી અને શશિકલાને કાશ્મીર ફરવા મોકલી આપે છે. ત્યાં શશિકલાને ડો. શિવરાજ જણાવે છે કે તે માતા બનવાની છે. તે આત્મહત્યા કરવા જાય છે પણ ડોક્ટરની પુત્રી સાયરા તેને બચાવી ઘરે લાવે છે. સાયરાને શશિકલા તેના ભાઈનાં સ્વભાવ અને ગુસ્સાથી પરિચિત કરાવે છે અને તે જંગલીને સાયરા પેહલા મળી ચૂકી છે. તો તેને સીધો દોર કરવા તે તેને કાશ્મીરની એવી જગ્યાએ મોકલે છે. જયાંથી આવતા સમય લાગે અને શશિકલાની પ્રસૂતિ થઈ જાય પણ ત્યાં તોફાન ના સમાચાર મળતા સાયરા શમ્મીને બચાવવા જાય છે. બન્ને તોફાનમાં ફસાઈ જાય છે અને તે સંગાથ એક જંગલીને ઈન્સાનમાં રૂપાંતરિત કરે છે. શમ્મી અને સાયરા એકબીજાને ચાહવા લાગે છે. પ્રેમની લાગણીઓ વરસાદની જેમ વરસી પડે છે.


શમ્મી અને શશિકલા તેમના શહેર પરત ફરે છે. લલિતા શમ્મીના લગ્ન એક બરબાદ થઈ ગયેલ રાજવી ખાનદાનની પુત્રી સાથે કરવા માંગે છે. જે લોકો માત્ર દોલતને ચાહે છે પણ શમ્મી તે શક્ય બનવા દેતો નથી. તેની માતાની દિલ જીતવા તે સાયરાને નકલી રાજકુમારી બનાવી ઘરે લાવે છે પણ દુશ્મનો તેમાં વિધ્ન લાવે છે. સાયરાની સચ્ચાઈ અને શશિકલાની સચ્ચાઈ લલિતા સામે આવે છે સાથે તે જેને રાજવી પરિવાર સમજતી હતી તે દોલતના પ્યાસા હતા. તે સમજાય છે અંતે દુશ્મનોને સજા અને પ્રેમનો વિજય થાય છે. ફિલ્મનાં ગીતો લોકપ્રિય રહ્યાં હતા પણ ફિલ્મનું આજે પણ યા ...હું ..થી જાણી તું ગીત વિષે બતાવું તો આ ..યા ..હું એ શબ્દ માત્ર પી એલ રાજે ગાયેલ છે. હવે આપ કેહશો કે એમ કેમ? અને આ પી એલ રાજ કોણ? તો પી એલ રાજ એ ફિલ્મના કોરિયોગ્રાફર હતા. તેઓ ૧૯૫૯થી ૨૦૦૧ સુધી કાર્યરત રહ્યા છે અને યા ..હું બોલવાનું કારણ એટલું જ છે કે રેકોર્ડિંગ સમયે યા..હું ..બોલી તરત ગીત શરૂ કરવામાં તકલીફ થતી હતી. તેથી યા....હું તેમણે ઉચ્ચારેલ શબ્દ છે. જે રીતે કિશોરનું ગીત નમકહલાલનું જે પગ ઘૂંઘઢં ..માં શાસ્ત્રીય શબ્દો અન્ય કલાકારના છે. જેની વાત ત્યારે કરીશું.

આ ફિલ્મમાં મેક મોહન પણ છે. આ ફિલ્મ તેમની પેહલી ફિલ્મ છે પણ અહી તે એક સારા વ્યક્તિના પાત્રમાં ટૂંકા રોલમાં દેખાય છે. મેકનું નામ મોહન મેક જેની છે. જેનો જન્મ તા.૨૪/૪/૧૯૩૮ના રોજ કરાચીમાં થયેલ છે. તેઓ એક ક્રિકેટર બનવા માંગતા હતા અને સાઢં ક્રિકેટ રમી પણ જાણે છે પણ બોમ્બે આવ્યા બાદ તેઓ હિન્દી સિનેમા સાથે જોડાયા અને તેમણે ૨૦૦૨ સુધી ઘણી ફિલ્મોમાં કામ કર્યુ છે. પણ તેમની ઓળખ શૌલેના સામભાથી થાય છે. તેઓ તા.૧૦/૫/૨૦૧૦માં અમર થયા. જંગલી ફિલ્મમાં ખલનાયક રાજન હકસર છે. જે આગળ જતાં મેકની જેમ ઘણી ફિલ્મોમાં જોવા મળશે.

જંગલી ફિલ્મના ગીતો સફળ રહ્યા હતા. જેમ કે યા હું ..ચાહે કોઈ મુજે જંગલી કહે ગીત આજે પણ યાદગાર ગીતોમાં સામિલ છે. તો રફી સાહેબ ના સ્વરમાં ''અઈ અઈ ..યા .સૂકું સૂકું ... કઢં મે ક્યાં દિલ મેરા સૂકું સૂકું ..પણ યુવાનોને પગ થીરકાવવા મજબૂર કરે છે. લતાજીના સ્વરમાં '' કાશ્મીર કી કલી હું મે ...અને લતાજી અને રફી સાહેબના અલગ અલગ સ્વરમાં અહેસાન તેરા હોગા મુજ પર .. આજે પણ લોકપ્રિય છે. લતાજી અને રફી સાહેબના સ્વરમાં મેરે યાર ...શબબા ખેર ...અને લતાજીના સ્વરમાં જા જા જા ..મેરે બચપન અને મુકેશજી અને આશાજીના સ્વરમાં નૈન તુમ્હારે મજેદાર આ જનાબે આલી ..યાદગાર ગીત છે. જે અનુપ કુમાર અને શશિકલા પર ફિલ્માવાયું છે. અનુપ કુમાર અહી હસાવામાં સફળ રહ્યા નથી. તેઓ તેમની લાક્ષણિક અભિનય કક્ષા થી પર થઈ તેમના ભાઈઓ અશોકકુમાર કે કિશોરકુમારની નકલ કરે છે. જે તેમને બિલકુલ યથા યોગ્ય લાગતી નથી. અહી શમ્મી દર્શકોને હસાવવામાં સફળ રહ્યા છે. ફિલ્મમાં તેમનું આગમન જ હાસ્યાસ્પદ છે. જે જોઈ દર્શકોને ખબર પડી જાય છે કે જંગલી સ્વભાવ ધરાવતા લોકો કેવા હોય છે? તેમની અદા અને અભિનય અહી દાદ માંગી લે છ. તો સાયરા જે માત્ર સોળ વર્ષ પૂર્ણ અને સતર શરૂની વયમાં એટલા આકર્ષક અને સેમય લાગે છે કે, કોઈ પણ તેમને જોયા જ કરે અહી નિર્દેશકે તેમના હવ ભાવ અને ચહેરાને એટલો સરળ રીતે રજૂ કર્યો છે સાથે સાયરાની સંવાદ બોલવાની છ્ટા અને લાક્ષણિક અભિનય દર્શકોને લોભાવી જાય છે. આગામી અંકમાં દિલિપની રંગીન અને સુપર હિટ ફિલ્મ સાથે મળીશું . **આભાર હિતેશ જોશી .**

# સામાન્ય બીમારી અને ઘરગથ્થુ ઉપચાર ભાગ-૨

**સામાન્ય બીમારી અને ઘરગથ્થુ ઉપચાર ભાગ-૨**



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**


સામાન્ય બીમારી અને ઘરગથ્થુ ઉપચાર ભાગ-૨

**ગતાંક થી ચાલુ...**

આ લેખ નો ઉદેશ ફક્ત સામાન્ય બીમારીમાં આપણા રસોડામાં અને ઘરમા જ હાથવગુ હોય તેવી વસ્તુઓને પ્રાથમીક લેવલે બીમારીમાં રાહત આપવા માટે છે. લક્ષણ ન મટે તો તાત્કાલીક ડોક્ટર/વૈધની સલાહ મુજબ સારવાર કરવી

**(૯)ભૂખ ના લાગવી – અરુચિ**

- સામાન્ય લક્ષણો :
- ખાવાની ઈચ્છા ના થવી
- મોઢામાં વારંવાર થુંક આવવી
- મોઢામાં સ્વાદ ના લાગવો
- **સામાન્ય ઉપચાર :**
- જમતા પહેલા આદુ, લીંબુ અને સિંધાલુણનું સેવન કરવું.
- જમતા પહેલા ભાતના ઓસામણમાં સિંધાલૂણ નાખી ગરમ પીવું.
- જમતા પહેલા નમક સાથે આમળાચૂર્ણ લેવું.
- લીંબુના ફાડીયામાં નમક અને



મરીચૂર્ણ નાખી ચૂસવું.

- સમયસર ભોજન પ્રસન્નચિત્તે કરવું.

**(૧૦)પેટમા દુખાવો – ઉદરશૂલ**



- **સામાન્ય લક્ષણો :**
- પેટમાં ચૂક આવવી કે સામાન્ય દુખાવો થવો
- પેટમાં ગેસ ભરાવો કે ના નીકળવો.
- **સામાન્ય ઉપચાર :**
- અપચાના પેટમા દુખાવામાં હીંગની પેસ્ટ બનાવી નાભિ ફરતે લગાવવી.
- શેકેલા અજમાનું ચૂર્ણ ગરમ પાણી સાથે આપવું.
- એરંડીયામાં હીમેજ શેકી નમક સાથે હુંફાળા પાણી સાથે લેવું.
- હીંગને ઘી માં શેકી ગોળ સાથે લેવી.
- હુંફાળુ નમકવાળુ પાણીપીવું.
- હલકો આહાર લેવો.ગરમ પાણી પીવું.

**(૧૧)દસ્ત – ઝાડા – અતિસાર**



- વારંવારં પાતળા પાણી જેવા મલપ્રવૃત્તિ થવી.
- પેટ્માં સામાન્ય વીટ–દુખાવો થવો.
- શરીરમાં પાણી ઓછુ થવાથી મો સુકાવું.
- ક્યારેક સામાન્ય તાવ આવવો.
- શરીરમાં નબળાઈ આવવી ભૂખ ના લાગવી.
- બાળકોને દૂધ/ધાવણનું પાચન ના થવું.
- **સામાન્ય ઉપચાર :**
- ઉકાળેલું પાણી વારે વારે પાવુ. શરીરમાં પાણી ઓછુ ના થાય તેનું પ્રયાન રાખવું.
- પાકા દાડમ ખાવા અથવા દાડમનુ આપવો.

ચૂર્ણ મધ સાથે દિવસમાં ત્રણ થી ચાર વાર આપવું.

- ફોદીનાનો રસ પાણી સાથે દિવસમાં ત્રણ થી ચાર વાર આપવા.
- કાચા બિલાનું ચૂર્ણ ખાટી છાશ સાથે આપવું.
- મોથ અને કુટજબીજ નો ઉકાળો બનાવી આપવો.
- બાવળના પાનનો રસ મધ સાથે આપવો.
- શેકેલુ જીરુ અથવા લીંડીપીપર અથવા શુંઠનું ચૂર્ણ છાશ સાથે આપવુ.
- **દસ્ત–ઝાડા–અતિસાર સામાન્ય ઉપચાર:**
- આમ ચૂર્ણને છાસ સાથે આપવું
- હળવો ખોરાક મગ ભાત, દહીં, છાશ, નાળીયેર પાણી, ખાટા મીઠા ફળોના રસ, ભાતનું ઓસામણ અને સૂપ બનાવી લેવો.
- લીબુંનું શરબત બનાવી પીવું.

**(૧૨)ઉલ્ટી**



- **સામાન્ય ઉપચાર:–**
- શેકેલી એલચીના ચૂર્ણને મધ સાથે આપવુ.
- નાળિયેરનુ થોડુ થોડું પાણી આપવુ
- હરડેના ચૂર્ણને મધ સાથે ચટાવવું.
- લીંબુ શર્બત આપવું.
- ફુદીનારસ, આદુનોરસ અને નિમ્બુના રસમા મધ નાખી આપવો.
- લાજા – ધાણીને ગરમ પાણી સાથે આપવી.

**(૧૩)ઘાવ – વ્રણ**

- ઘાવ – વ્રણના સામાન્ય લક્ષણો:
- કોઈ ધારદાર વસ્તુઓ લાગવાથી લોહી નીકળવુ.
- ચામડીમાં વિદાર થવો.
- લોહી બંધ ના થવું.
- **ઘામાં પાક થવોઘાવ – વ્રણના સામાન્ય ઉપચાર :**
- ઘાને ગરમ પાણીથી સાફ કરવો.અથવા સ્વમૂત્રથી ઘાને સાફ કરવો.
- લોહી બંધ કરવાના ઉપાયો કરવા જેમકે દબાવી રાખવું, બરફનો શેક કરવો, હળદરનું ચૂર્ણ દબાવી રાખવું, અંગને ઉચુ રાખવું વગેરે
- હળદરનું ચૂર્ણને તેલ સાથે પેસ્ટ બનાવી લગાવવી.
- કુંવારપાઠાનો ટુકડો મૂકી પાટો બાંધવો અને રોજ બદલતા રહેવું.
- પાક જણાય તો ત્રિફલાના ઉકાળાથી અથવા ગરમપાણીથી સાફ કરી લીંબડાનું તેલ લગાવવું.

**(૧૪) લૂ લાગવી – સન સ્ટ્રોક**

- **સામાન્ય લક્ષણો :**
- બળતરા થવી
- ખૂબ તરસ લાગવી
- પેશાબમાં બળતરા થવી
- **સામાન્ય ઉપચાર :**
- ખાટા અને મીઠા ફળોના જયુસ આપવા.
- ગળોના રસમાં સાકર અને નમક નાખી આપવો.
- છાસમાં નિમ્બુરસ, ફુદીનારસ અને નમક નાખી આપવો.
- પ્રવાહી દ્રવ્યનું વધારે સેવનકરવું
- એલોવેરાનો રસ બળતરાની જગ્યાએ લગાવવો.
- નાળીયેર તેલ અને તલ તેલ મિક્ષ કરી લગાવવું.
- અળસીતેલને મધ સાથે લગાવવું.


**(૧૫)ખીલ**

- **સામાન્ય લક્ષણો :**



- મુખ ઉપર ફોલ્લીઓ થવી.
- ક્યારેક પાક – રસી થવી
- દુખાવો થવો અને દાગ પડવા.
- **સામાન્ય ઉપચાર :**
- તુલસીનો રસ લગાવવો.
- શેમળાના કાંટાને દુધમાં ઘસી લગાવવા.
- સંતરાના ફળની છાલ, ચંદન અને મુલતાની માટેનો લેપ બનાવી લગાવવો.
- જાયફળને દુધમાં ઘસી લેપ કરવો.
- રોજ વ્યાયામ કરવો.સમયસર ઊંઘ લેવી.પાણી વધારે પીવું.
- તૈલી પદાર્થો , તીખા અને ઉષ્ણ આહાર ના લેવો.
- કેમીકલ્સ વાળા સાબુ કે અન્ય પદાર્થો લગાવવા નહી.


**(૧૬)કષ્ટાર્તવ – માસિક સમયનો દુખાવો સામાન્ય લક્ષણો**
- માસિક આવવાના સમય પહેલા પેડુમા સખત દુખાવો થવો.



- કમરમાં દુખાવો થવો.
- ચીડીયાપણુ
- લસણનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવો.
- એલોવેરા જયુસનું સેવન કરવું.
- કાળા તલનો ઉકાળો કરી ગોળ નાખી આપવો.
- સેક કરવો, હળવા હાથે માલીસ કરવું.
- હલકો અને સાદો ખોરાક લેવો. તળેલા અને ખાટા દ્રવ્યો ના લેવા.
- શરીર અને કપડાની સ્વચ્છતા રાખવી
- બિનજરૂરી વ્યાયમ ના કરવો

**(૧૭)લોહીની ઉણપ – રક્તક્ષય**

- **સામાન્ય લક્ષણો :**



- શરીરફીકુ પડવું.
- સવારના ભાગમાં મુખે સોજો જોવા મળે.
- થાક લાગવો કે ખાલી ચડવી.
- **સામાન્ય ઉપચાર :**
- આમળાના રસમાં મધ નાખી આપવો.
- મંડૂકપર્ણીને ઘી માં શેકીને આપવી. દુધ–ઘી–ગોળનો ખોરાકમાં ઉપયોગ કરવો.
- ગાજર, બીટ અને રેષાવાળા ભાજીનો શાકમાં વધુ ઉપયોગ કરવો.
- ભોંયઆમલીના ચૂર્ણને સાકર સાથે આપવું.
- ખજૂરને રાત્રે પલાળી સવારે ચાવીને ખાવો.
- દેશી ગોળનું શર્બત બનાવી પીવું.
- પાલક, બીટનો ખાવામાં ઉપયોગ કરવો.
- ઋતુઅનુસારના ફળોનો ખાવામાં ઉપયોગ કરવો

**(૧૮)શ્વેતપ્રદર – સફેદ પાણી પડવું**

- **સામાન્ય લક્ષણો :**
- યોનિમાર્ગમાંથી સફેદ પાણી નીકળવું.
- પ્રવાહી દુર્ગંધિત અને ચિકાશયુક્ત
- કમરમાં દુખાવો થવો
- થાક લાગવો



- ખાલી ચડવી.
- શરીરમાં કળતર થવી વગેરે
- **સામાન્ય ઉપચાર :**
- તાંદળજા મૂળ અથવા ખપાટ મૂળના ચૂર્ણને ચોખાના પાણી સાથે આપવું.
- આમળાચૂર્ણને મધ સાથે આપવું.
- ધાણાને રાતે પાણીમાં પલાળી સવારે ગાળીને પીવું.
- શેમળાના ફૂલને સાકર સાથે આપવા.
- દેશી ચોખાનું ધોવાણને ગોળ/સાકર સાથે લેવું.
- યોનિમાર્ગની સફાઈ રાખવી.

# ''તાનો સે તાલિયો તક કા સફર''–હાર્દિક પડયા

## વિસામો

**વૃંદા ચિંતન મહેતા**
**રાજુલા**



વેસ્ટઈન્ડિઝમાં રમાયેલી t-૨૦ ફાઈનલ ક્રિકેટ મેચમાં ભારત વિશ્વવિજેતા ટીમ રહી છે. ભારત ૧૭ વર્ષ બાદ ટી વેન્ટી ક્રિકેટ વર્લ્ડકપની વિશ્વવિજેતા ટીમ બની છે. ત્યારે હજી પણ ૧૪૦ કરોડ ભારતીયોના મન પર હજીય જીતનો ઉનમાદ અકબંધ રહ્યો છે. ભારતીય ટીમ વિશ્વ કપની સ્વામી બન્યા બાદ ભારતીય ટીમ પરત ફરી ત્યારે વાનખેડા સ્ટેડિયમ ખાતે તેમનું અતિ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તથા પીએમ મોદી દ્વારા વિજેતા ટીમની સાથે બ્રેકફાસ્ટ લઈ અને ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી. ટી ટવેન્ટી વર્લ્ડકપ ફાઈનલનાં વિજેતા બન્યા બાદ, ભારતીય ટીમનાં દરેક ખેલાડીઓ પોતપોતાના પરિવાર સાથે કોઈને કોઈ રીતે પોતાની ખુશીઓ વહેંચી. રોહિત શર્મા, બુમરાહ, વિરાટ કોહલી સૌ કોઈ પોતાનાં પરિવાર સાથે એક યા બીજી રીતે જોડાઈને પોતાની જીતનો જશ્ન મનાવ્યો હતો.

t-૨૦ વર્લ્ડકપની જીત બાદ, બધા જ ખેલાડીઓએ પોતપોતાની રીતે પોતાની ખુશીઓ અભિવ્યક્ત કરી પરંતુ આ બધા વચ્ચે જો કોઈ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હોય, તો તે છે હાર્દિક પંડયા. વર્લ્ડ કપની જીત બાદ હાર્દિક પંડયા મેદાન ઉપર જ તે ખૂબ રડી પડયા. તેઓએ પોતાની સ્પીચમાં જણાવ્યું કે, 'છેલ્લા છ મહિનાં મારાં માટે ખૂબ મુશ્કેલી ભર્યા રહ્યાં. લોકો મને નીચું દેખાડવા માંગતા હતા. લોકો મને જીવનમાં પછાડી દેવા માંગતા હતા. તેવા સમયે હું રડવા ઈચ્છતો હતો પરંતુ હું રડયો




નહીં કારણકે હું રડી મારાં વિવેચકો કે વિરોધીઓને ખુશ નોતો કરવા ઈચ્છતો. તે સમયે મે મારાં આંસુઓને બચાવી રાખ્યા અને આજે જયારે મને t-૨૦ ફાઈનલ ક્રિકેટ વલ્ડકપની છેલ્લી ઓવર રમવાનો અવસર મળ્યો અને તેમાં હું સફળ થયો છું. મારી આ સફળતા જ મારાં વિરોધીઓને જવાબ આપવા પૂરતી છે. હું કયારેય મારા વિરોધીઓ કે વિવેચકોને મારાં શબ્દોથી જવાબ નથી આપવા માંગતો. હું મારી ખેલદિલીથી જ મારાં વિરોધીઓને વળતો જવાબ આપું છું. હવે જયારે ટીમ ઈંડિયા t-૨૦ ફાઈનલ વર્લ્ડકપ જીતી ગઈ છે, ત્યારે મારાં આ આંસુ ખુશીનાં આંસુ છે. જીતના આંસુ છે. છેલ્લા છ મહિના મારી માટે ખૂબ ક્રિટિકલ રહ્યાં હતા. આ આંસુ હર્ષનાં આંસુ છે.

કુછ તો લોગ કહેંગે, લોગો કામ હૈ કેહના 'જનતાએ હાર્દિક પંડયા સાથે કંઈ કરવામાં બાકી નથી રાખ્યું. હાર્દિક સાથે મુંબઈ આઈપીએલ ક્રિકેટ મેચના મેદાન પર ટ્રોલ કરવામાં આવ્યો. તેમનો કપ્તાન તરીકેનો અસ્વીકાર કરવામાં આવ્યો. તેમના ઉપર ખૂબ ગંદી ગંદી કોમેન્ટ કરવામાં આવી. સોશિયલ મીડિયા પર ખરાબ મીમ્સ બનાવવામાં આવ્યા અને તેમની પર્સનલલાઈફને લઈને લોકોએ ખૂબ જ ગંદી કોમેન્ટ કરી. હાર્દિક અને નતાશાનાં સંબંધોને લઈને પણ ખૂબ અફવાઓ કરવામાં આવી પરંતુ વચ્ચે તેઓ અડગ ઉભા રહ્યા. લોકોએ હાર્દિક પંડયા જેવા ઝબાસ ખેલાડીને નીચે દેખાડવાનાં ખૂબ પ્રયત્ન કર્યા પરંતુ તેઓ સ્વસ્થ રહ્યા. ચાહકો હાર્દિક પંડયાને જીવન નીચે પડવાના અનેક પ્રયત્ન કર્યા પણ હાર્દિક પહાડની જેમ મજબૂત રહ્યા. અને જયારે t-૨૦ ક્રિકેટ વલ્ડકપ ફાઈનલમાં તેમને છેલ્લી ઓવર રમવાનો ચાન્સ મળીયો ત્યારે તેમણે કમાલ કરી દેખાડી. 'કર દિખાયા કુછ ઐસા, કરના ચાહે હર કોઈ ઉનકે જેસા'. ટીમ ઈંડિયાને સફળતા આપવી. હાર્દિક પંડયાનું જીવન બતાવે છે કે, લોકો તમને ખૂબ ક્રિટીસાઈઝ કરશે, તમારી આલોચના કરશે. તમને જીવનમાં પાછા ધકેલવાનાં અનેક મનસુબા અને પ્રયત્ન કરશો. તમારા હાથમાં આવેલી સફળતાને પણ હાથતાળી દેવડાવાના પ્રયત્ન કરશે પરંતુ તમારા અડગ રહેવાનું છે. આપણે આપણા કામ પર ફોકસ કરવાનું છે. આપણા કાર્યને આપણી સર્વ શક્તિઓને સમર્પિત કરી દેવાની છે. આપણા કામને આપણું સૌએ સો ટકા આપવાનું છે. આપણા લક્ષ્ય તરફ અર્જુન જેવું નિશાન આપવાનું છે. જેમ અર્જુનને મત્સ્યવેધ સમયે માત્ર માછલીની આંખ દેખાતી હતી. તેમ આપણને પણ માત્રને માત્ર આપણું લક્ષ્ય જ દેખાવવું જોઈએ. અન્ય કોઈપણ લોકોની આલોચનાં કે વિવેચનો ઉપર આપણે જરા પણ ધ્યાન ન આપતા માત્ર ને માત્ર આપણા કામ ઉપર દ્રષ્ટિ રાખવી જોઈએ. જેથી આપણને યોગ્ય લક્ષ સિદ્ધિ થાય. લક્ષ્ય સિદ્ધિ બાદ મળેલી સફળતાનો આનંદ અનેરો હોય છે. હાર્દિક પંડયાની લાઈફ બતાવે છે કે, લોકો તમારી અસફળતાને મજા લેશે. તમને ક્રિટસાઈઝ કરશે પણ સ્વસ્થ રહી. આ બધી જ વસ્તુનો સામનો કરવાનો છે અને સફળતા મેળવવાની છે. હાર્દિક પંડયાને સફળતાએ સુંદર તાનાથી તાળીઓ સુધીનો સુંદર સફર કર્યો છે. એટલે જ કહેવાય છે કે લોકોની વાતોને બહુ હૃદય ઉપરનાં લેવાય, કારણ કે ' લોગો કા તો કામ હી હે કહેનાં' કારણ કે લોકો જમરૂખ ખરીદતા પહેલા પણ પૂછે છે કે ''મીઠા છે, ને પછી મીઠું લગાડીને ખાય છે.''

# રામ રામ દ્રો રામ પુકારી હમ દ્રિશિ દ્રખિ દ્રીન્હ પટ ડારી ।

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



જોવા અને પૂછવા લાગ્યા, ''પાણી તો નથી લગાવ્યુ? ફફેલા તોનથી પડયા?'' પરંતુ ન ફફેલા કે ન ચામડીની લાલાશ ત્યારે ખ્યાલ આવ્યો કે થોડ દિવસ પહેલા ભગવાનને આ કારણે જાણી કરીને હાથમાં ખીર આપી દગાડી હશે. આમ શૂળીનો ઘા સોયથી ભોગવાની દેતા અને જાણે કે જયપુરથી હુ પાછી આવવાની ન હતી છતા આટલા માટે જ પોતાની સાથે પાછા બિશાર લઈ આવેલા?

**–સકલ અમાનુષ કર્મ તુમ્હારે.. (૮૦) જાનનિ કૃપાસિંધુ પ્રભુતાઈ**

ભગવાન પાછા રેલ પધાર્યા.ત્યાંથી બધા ભગવાન સાથે ચિત્રકુટ પહોંચ્યા. ખૂબ ધામધૂમથી દિવાળી, ચતુર્થીનો ઉત્સવ ત્યાં મનાવી છુટા પડયા. ચોથના ઉત્સવ પર આવેલા મહેમાનોમા બે–ત્રણ કોંગ્રેસના ભાઈઓ હતા તેમને અનુલક્ષીને ભગવાને કહ્યુ: '' કયા કોંગ્રેસ ઔર કયા દેશ સેવા? અબ તો ખાલી નામ રહ ગયા હૈ. દેશ સેવા કે લિયે કિતના ત્યાગ ઔર બલિદાન ચાહિયે ઉસકે લિયે દેખ લો હમારે હરિયાનીકો. અભી તો કોઈ ખાલ મસ્ત, કોઈ માલ મસ્ત તો કોઈ ખ્યાલ મસ્ત હૈ.''

ભગવાન સાથે હુ મથુરા ગઈ. ત્યાં રાહતકાર્ય ચાલુ કરેલુ', કપડા, કમ્બલ, અનાજ વિગેરે વિતરણ માટે ભાઈઓ મથુરાની આજુબાજુના પૂરગ્રસ્ત વિસ્તારોમાં જતા હતા. થોડા દિવસ ભગવાન મથુરામાં રોકાયા. ત્યારબાદ આજ્ઞા થતા હું જયપુર ગઈ. થોડા દિવસ બાદ ભગવાનનો પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ

પ્રિય રમા સાદર આસીસ,

તુમ પઢકર નારાજ તો હોગી પત્ર દેરીસે લિખ રહા હું રમા સ્વાસ્થ જૈસા તુમ છોડકર ગયો હો વૈસા હી હૈ, બીચમે બમ્બઈ હો આયા થા,

અચ્છા સુનો રમા દેવી તુમ્હારી બોલી રોજ પ્રાપ્તઃ છઃ બજે સુનતા હું રોજ હો રોજ તુમ્હારા ટેપરિકાર્ડ નિત્ય સુનતા હું ઔર ખૂબ યાદ આતી હૈ.

રમા સુનો મેરે સાથ કુમુદ હૈ ઔર ખૂબ સેવા કરતી હૈ તુમ મેરી ચિંતા ન કરના. હરિયાણીકો તથા સબકો આસીસ કહના.

–રણછોડદાસકા આસીસ

પ્રિય રમા સાદ આસીસ,

મૈરા સ્વાસ્થય વૈસા હી હૈ જેસા તુમને દેખા થા કુછ ભી સુધાર નહી હૈ. મૈં યહાસે ૨૨ કો ચલે જાનેવાલા હું ઔર કોઈ સ્થાન નક્કી નહી હૈ. મૈં જયપુર આનેકી સોચ રહા હું કુમુદ મેરે સાજ હૈ આરામ લેતા હું પર રોજ રાતકો સાત સાડેસાત બજે ઉલ્ટી અવશ્ય હો જાતી હૈ યહ કમ આઠ દિનસે ચાલુ હુઆ હૈ યહ બી જીવનકા સંઘર્ષ અંગ બન ગયા હૈ રમા તુમ્હારી યાદ બહુત આતી હૈ પર રોજ પ્રાતઃ છ બજ તુમ્હારી આવાજ સુનતા હૂ રોજ હો રોજ સબકો આસીસ કહતા. – રણછોડદાસક આસીસ

એડ્રેસ ન હોવાથી જવાબ લખવાનો રહેતો નથી. તબિયતના ખબર આવતા તે વિષે ચિંતા રહેતી પરંતુ પ્રાર્થના સિવાય મારી પાસે કોઈ ઉપાય હતો નહી. બસ નિત્ય પત્રની પ્રતિક્ષામાં દિવસો પસાર થતા. થોડા દિવસોમાં ધારવાડના બંકાપુર ગામથી પત્ર આવ્યો.

પ્રિય રમા, સાદર આશીરવાદ,

આજ મૈ યહા પહુંચા હું

સ્વાસ્થ્ય વૈસા હી હૈ આરામ લેતા હું ચિંતા નહી કરના તેરી અવાજ રોજ સુબહ મૈં સુનતા હુ રમા, રોજ તુજે યાદ કરતા હુ.–રણછોડદાસ

ભગાવનના પત્ર વાંચતા થતુ કે ભગવાન તમે તો ટેપરેકોર્ડરથી તો શુ આમ પણ રોજ મારો અવાજ સાંભળી શકો છો પરંતુ હુ તો એકપણ રીતે તમારો અવાજ સાંભળી નથી શકતી. તેનુ શુ? તે પણ પ્રાર્થનામાં જ કહેવાનું હતુ : કોઈવાર વ્યાકુળ થઈ રડીને સુતી ત્યારે જરૂર સ્વપ્ન દર્શન થતા.

બંકઃપુરથી લખેલો પત્ર આવ્યો. શ્રી રામચંદ્રાય નમઃ

દેખો તારીખ હૈ ૯–૧–૬૮

પ્રિય રમા મેરે પત્ર સબ મિલ ગયે હોંગે

સ્વાસ્થ્ય સાધારણ હૈ કોઈ ખાસ ફાયદા નહી તુમ્હારી યાદ તો રોજ આતી હૈઃ પર તુમ્હારા સ્વાધ્યાય રોજ સુનકર સંતોષ વ આનંદ આતા હૈ દેખો તુમ ધીરજ રખકર ભજન કરના. વ્યર્થ જીવન ન ખોતા હાલ તો મૈ ઈચ્છા હી રહુગા થોડી સરદી કમ હોને પર પીછે વિચાર કરુગાં ઉજજૈનકા સબકો આસીસ કહતા.

–રણછોડદાસકા આસીસ

ભગવનના વિરહમાં વ્યાકુળતાથી રડતી રહેતી ત્યારે એમ થતુ કે બધા કેવા સુખીયા છે. મૈ તો હાથે કરીને આ દુઃખ લીધુ છે. ઘણીવાર પત્રો ન આવે તો અને ઘણીવાર પત્રો આવતા રાત્રે ભગવાનની યાદમાં રડતી રહેતી. ઉઘ કેવી રીતે આવે? આવા પ્રસંગે કબીરદાસજીનો દોહો યાદ આવે છે કે

સુખિયા સબ સંસાર હૈ ખાયે ઔર સોવે,
દુખિયા દાસ કબીર હૈ જાગે ઔર રોવે.

બસ આ માર્ગ પર ચાલનારાની આ જ દશા છે. ઘણીવાર મીરા બાઈનાં ભજનો ગાતી રહેતી.

''હે રિ મૈ તો પ્રેમદિવાની, મેરા દર્દ ન જાને કોઈ.''

વાત પણ ખરી છે. અનુભવ વિના દર્દને કોણ સમજી શકે. કોઈવાર લાંબો સમય ભગવાનનો પત્ર ન આવે ત્યારે પણ વ્યથિત થઈ આ મારુ પ્રિય ભજન ગાતી. હજી આજે પણ ઘણીવાર ગાઉ છુ.

જો તુમ તોડો રામા, મે નાહી તોડુ રે, તોરી પ્રીત તોડી રામા, કૌન સંગ જોડુ...

આ રીતે રાત–દિવસ સમાન બની જતા. દર્દ ઓછુ થાયન થાય ત્યા ફરી પાછો પત્ર આવતો. જેથી યાદ તીવ્ર બનતી.

એહિ કુરોગ કર ઓષધ નહી... શ્રી રામચંદ્રાય નમઃ

પ્રિય રમા સાદર આસીસ

દેખો છ ભજને મૈ સાત મિનિટ શેષ હૈ ઔર હમ આપ સાહબકો પત્ર લિખ રહે હૈ ઔર આપ સાહબ રીકોર્ડ પર પ્રાર્થના કર રહે હૈ ' 'દશરથ સુતો નીતિ નિ........'' આજ ૫ બજે વહ ચલી ગઈ બમ્બઈ કોન? કુમુદ ભઈ કુમુદ

અચ્છા જી સુનો ખૂબ યાદ આતી હૈ પર તુમારી અવાજ રોજ સુનતો હું સ્વાસ્થય બરાબર નહી રહતા યહા સુખી હવા હૈ ઠંડી કમ હૈ ઈસસે કુછ આરામ હૈ.

હમ આપ સાહબસે સખત નારાજ હૈ પત્રસે આપકો ઓર્ડર દેતે હૈ કિ આ સાહબ હમસે નારાજ ન હોતા. નિયમ બરાબર કરના. કુસંગકા સેવન કરના નહી. આખિર પરિણામ દુઃખ હી રહા હૈ. ભગવત ભજન સુખકી ખાની હૈ,સબકો આસીસ

અચ્છા થે કયુ.

–રણછોડદાસકા આસીસ

વચ્ચે ઘણો સમય ભગવાન કયા બિરાજે છે તે ખબર ન હતી. તેમ જ પત્ર ન હોવાથી અને તબિયત નરમ રહેતી હોવાથી પત્રની રાહમાં સતત યાદ બની રહેતી. રાહ જોતા જોતા પત્ર આવ્યો.

–બાલાઘાટ

પરમ પ્રિય રમા સાદર આસીસ

મેરે અસ્તવ્યસ્તત રહેનેકે કારણ પત્રમેં દેરી હુઈ. મેરા સ્વાસ્થય ઠીક હૈ ઔર અબ ઈંદોર જા રહા હુ ૧૧ માર્ચકો ધારમેં નેત્રયજ્ઞ પ્રારંભ હોગા ઔર રોગીયોંકે પ્રચાર અર્થ જાના પડેગા.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા



**પ્રેમ અમી રસ ઢોળો**

**સુમસામ હવે વેરાન જીવન, માણસોને કયા નવરાશ છે? ભડકે અગન જવાળાએ બળ્યા છે. કેટલા બાળકો? અમરેલી એકસપ્રેસના તા.૧૧–૭–ના અંકમાં એક**

સમાચાર વાંચી, ખૂબ પીડા થઈ–''ગુજરાતમાં ત્રણ થઈ ગયુ વ્યકિતઓએ આત્મહત્યા કરી છે. ''મન વિચલિત થઈ ગયુ આપણી સંદવેનાઓ કયા ગઈ? આપણા શિક્ષણનો આપણા સમાજનો વાંક છે? આપણી ફરજ? ધર્મ?

મેં એક સત્ય ઘટના વાંચી હતી. અમદાવાદની એક શેરીમાંથી એક વ્યકિત યુવાન સાબરમતીમાં પડવા નીકળ્યો..! જયારે તેની લાશ બહાર કાઢવામાં આવી ત્યારે પ્લાસ્ટીકનાં કવરમાં સીલ કરેલી એક ચિઠી નીકળી. તેમાં લખ્યુ હતુ કે ''જીંદગીથી નિરાશ થયેલો હુ આજે આત્મહત્યા કરવા બહાર નીકળુ છુ.પરંતુ હું ચાલીને જઈશ...કોઈપણ વ્યકિત મારી સામુ જોઈ સ્મિત કરશે તો હું પાછો વળી જઈશ..''

આપણે સૌ કેવા જડ સંવેદન શૂન્ય થઈ ગયા છીએ કે હસીને કોઈને બોલાવતા પણ નથી. આવ ઘણા યુવકોને પ્રેમભર્યા શબ્દોની જરૂર છે. તેને માથે હાથ ફેરવીને દીલાસો આપતા નથી. રે કોઈએ સ્મિત ન કર્યુ. ''હોય તિમિર ત્યાં ટમટમતુ એક ફોનસ થઈ એ માણસનો અવતાર મળ્યો છે માણસ થઈએ''

દુનિયામાં એક સૌથી મોટો ડાણ્યો માણસ સોક્રેટીસ, પોતાના શિષ્યોને ઉપદેશ આપવા ઉભો હતો. હાથમાં એક ફાનસ હતુ. બપોરના સમયે જાહેર રોડ ઉપર ઉભો રહીને મોટા મોટા માણસોને ઉભા રાખી ચેહરા પાસે ફાનસ ધરી બોલતો હતો....'' તમે પણ નહિ..'' શહેરન મોટા મોટા અમલદારો નીકળે એટલે ઉભા રાખે ફાનસ ધરે અને કહે..તમે પણ માણસ નથી. સત્યવીર સોક્રેટીસે જરાપણ ડર્યા વગર રાજાના ખુશામતિયા, લાંચિયા અધિકારીઓને પડકાર્યા હતા. પછી શિષ્યો ટોળે વળ્યા પૂછયુ..તમે શુ કહો છો? શું કહેવા માંગો છો? સોક્રેટીસ નિરાશ વદને કહ્યુ '' હં ખરા માણસની શોધ કરતો હતો.'' પરંતુ મને કોઈ ખરો સાચો માણસ જડવો નહિ. તે પછી સાચો માણસ કોને કહેવાય તે વિશે એક અદભુત પ્રવચન આપ્યુ. આ પ્રવચનનો સાર ફરી કયારેક પરંતુ આજે પણ આ વાત કેટલી સાચી છે?

માણસ ઉડવાનુ શીખ્યો. હજારો માઈલ દૂર વાતો કરવાનુ શીખ્યો... સમુદ્રમાં ઉડે સુધી જવાનુ શીખ્યો. સેકંડો માઈલ દૂર મિસાઈલ છોડી માણસોને મારી નાખવાનુ શીખ્યો...પરંતુ માણસ બનવાનુ શીખ્યો નથી. ગધેડાને કોઈ નહિ કહે તુ ગધેડો નથી. છોડીને નહિ કહે તુ ઘોડો નથી પરંતુ માણસને કહેવુ પડે છે. ''માણસ થા'

આ લેખમાળાનો હેતું ચિનગારી જાપવાનો છે કે ઘડીક કોઈ હદયમાં પ્રકાશમાં તણખો ઉડે જયોત ઝળહળ થાય. નિરંજન ભગત કહે છે: ''કાળની કેડીએ ઘડીક સંગ રે ભાઈ, આપણો ઘડીક સંગ..!''

ધરતી આંગણે માનવીની આ ઘડીક મિલન વેળા, વાટમાં વચ્ચે એક દી નક્કી આવશે વિદાયવેળા તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશુ ભેળા..! હૈયાનો હિમાળો ગાળીને ગાળીને વહશુ હેતની સંગ,પગલે પગલે પાવક જાણે ત્યાં ઝરણુ નેનની ઝારી. કંટક પવે સ્મિત વેરીને મ્હોરશુ ફુલની કયારી,, એકબીજાને જીવશુ, ર. ભાઈ, જાતને જાશુ હારી...''

જાતને હારીને બીજાને પ્રસન્ન કરવાનો છે. રાજી કરવાના છે. રાજી રાખવાની રમત રમવાની છે. દરેક વ્યકિતમાં કશુક સારુ હોય છે. સારી વસ્તુના વખાણ કરો. પ્રેમ કરો ખુશખુશાલ જીવન જીવવાની ચાવી આપણી પાસે છે. આપણે તે ચાવી શોધવાની છે. તેનો ઉપયોગ જાણવાનો બનાવવા માંગતા હો તો આ અકે અદભુત ખજાનો છે. સુંદર સાર પોઝીટીવ વિચારો તમને તમારા કુંટુંબના અનેક પ્રશ્નો ઉકેલશે સુખ, શાંતિ આનંદ આપશે. તમે ગરીબ હો કે પૈસાદાર સુખની ચાવી આપણી અંદર આવેલી છે. ઈશ્વરે જેટલુ જીવનનાં વરસો આપ્યા છે. તે સાર્થક કરવા કશુંક ખૂટે છે. ત્યાં પૂર્તિ કરવાની છે. સંક્ષેપના કહેવાનુ હોવાથી સંક્ષેપમાં એક જ પૂનરવર્તન કરવાનુ કે –પ્રેમ નિરંતર પ્રેમ : અમારા પ્રેમનો દરિયો છલકાય છે. ખાલી તરે છે વહાણ આશાના રખે એ દૂબન જાય ચાલી.

# સમજણ એ જ નારાયણ

**''નસીબ એ જ કે વાગે વસંતમાં કાંટા, ને પાનખર હો છતાયે ફૂલોની સેજ મળે'' – બેફામ**



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

'આપણુ જીવનએ નસીબનો ખેલ છે'. આ વાકય અવારનવાર સાંભળતા મળતુ હોય છે. અને વાતેય સાચી લાગે..કેમ કે જે ભગવાન શ્રી રામને સવારે અયોધ્યાની ગાદી મળવાની હોય, સમગ્ર તૈયારીઓ થઈ ચૂકી હોય. સવારે માત્ર ઔપચારિકતા જ સંપન્ન કરવાની હોય અને પ્રભુને વનવાસ મળે...!! ત્યારે માનવુ જ પડે કે માનવજીવનમાં નસીબનો બહુ મોટો હાથ હોય છે.

એક સરસ વાર્તા છે :''એક કદરૂપા રામની સભામાં દેખાવડી નૃત્યાંગનાનો નાચ ચાલતો હોય છે. બાહોશ અને સુંદર નૃત્યાંગનાની 'એકશનો' ઉપર રાજા પણ ડોલવા માંડ છે. એ દરમ્યાન જ નૃત્યાંગનાની નજર ઝૂમતા રાજા ઉપર પડતા, તેને દ્રશ્ય બેહુદુ લાગતા હુસવુ આવી જાય છે. રાજાએ દ્રશ્ય જોઈ લે છે. સભા પૂર્ણ થયા પછી આ રાજા નૃત્યાંગનાને એકાંતમાં બોલાવી,હસવાનુ કારણ પૂછે છે.

સાથો સાથ સજા પણ ન કરવાની ખાત્રી આપે છે. ત્યારે નૃત્યાંગના સાચુ કારણ જણાવી દેતા કહે છે. : 'આપનુ કદરૂપનું સ્વરૂપ અને નૃત્યની એકશનનાં હિસાબે એવુ વિચિત્ર અને હાસ્યાસ્પદ ચિત્ર ખડુ થયુ તેથી મને હસવુ આવી ગયુ'' સજા ન કરવાની શરતે બંધાયેલો રાજા નૃત્યાંગનાને પછી જવાબ આપતા કહે છે કેઃ 'જયારે સ્વર્ગમાં, દેવલોકમાં દરેકને જન્મની સાજે જ અપાતી ભેટની બે લાઈનો હતી. ત્યારે તમે સૌ રૂપ મેળવવાની લાઈનમાં ઉભો રહી ગયેલો. પરિણામે તને રૂપ મળ્યુ જયારે મને નસીબ મળ્યુ'' પણ નૃત્યાંગના તુ મારી વાત યાદ રાખજે કેઃ'' રૂપ ભલે ગમે તેવુ સૃંદર લાગે પણ તેને નસીબની સામે નાચવુ પડે છે.!!''

એટલે આમ ગણો તો જીવન અ ખરેખર નસીબ નો જ ખેલ છે. ભલે તને ગમે તેવા આવડતવાળા, ટેલેન્ટેડ કે નીપુણ હો.. છતા જો નસીબનો સાથ ન મળે તો નિશ્ચિત મુકામ ઉપર પહોંચી નથી શકતા. અને જો નસીબના ઘોડા ઉપપર સવાર હો ત્યારે ઓછી મહેનતે ઓછી આવડતે કે ઓછા અથવા વગર સંઘર્ષે પણ સફળતા કદમો ચૂમી લેતી હોય છે. સમાજમાં આવા પણ અનેક દાખલાઓ મૌજુદ છે. સૌ માટે ઘસાઈ જતો માણસ ત્યાં નો ત્યાં જ રહેતો હોય છે. અને જાતને જ મહત્વ આપતો માણસ સફળ થઈ જતો હોય છે. ત્યારે નસીબને પણ માનવે જ પડે.

**–:: તીખારો::–**

''રોજ જે વિશ્વાસથી ઉગતો રહે,
એ સૂરજને સાંજ અંદાજી, મળે
જયા તમે જીતી શકો એવુ જ હો,
ત્યાં ભરોસાપાત્ર તારાજી મળે!''

# સાંધો હોય તે....

## અનુભૂતિનાં અક્ષરો

**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**




બહુ જૂની સાંભળેલી એક વાત છે કે, સમાધાન કરેલા સબંધો અને ફરીવાર ઉકાળેલી ચામાં પેલા જેવી મજા આવતી નથી. એટલે કે આપણી આસપાસના ઘણા સંબંધો એવા હોય છે કે જે આપણા માટે ખુબ મહત્વના હોય.ત્યારે એ સંબંધોની તંદુરસ્તી જાળવવી એ ખૂબ જરૂરી બની જાય છે. અને એ સંબંધોનું સ્વાસ્થ્ય જાળવવું એ જવાબદારી તે સંબંધમાં જોડાયેલ દરેક વ્યક્તિની હોય છે. ત્યારે આવા સંબંધોમાં ઈર્ષા,વહેમ, અધિકાર, લોભ કે ક્રોધ પ્રવેશે ત્યારે સંબંધ નબળો થતો જાય છે. અને આપણા એ સંબંધમાં જે તે વ્યક્તિ માટેનો ક્રોધ, ઈર્ષા, કે અસલામતીની ભાવના આપણા શબ્દોમાં ભળે છે. વાણી, વર્તન અને વિચારથી વ્યક્ત થાય છે. ત્યારે સંબંધ પર ખતરો ઊભો થાય છે. પરિસ્થિતિને જાણ્યા, સમજયા કે પામ્યાં વગર અન્ય વ્યક્તિને દોષી માની લેવાની ભૂલ ઘણી વાર ખૂબ મોંઘી પડે છે. કારણ કે, ગુસ્સાના સમયે બોલાયેલા શબ્દોની પીડા હૃદય પર પ્રહાર કરે છે. વળી, આપણી જીભ એ સેથી વધુ હિંસક હથિયાર છે. એ જીભ વડે થયેલા ઘા જીવન ભુલાતા પણ નથી ને રૂજાતા પણ નથી.

કોઈપણ વ્યક્તિમાટે એક સમયે તેને ઊતારી પાડવા કે અપરાધી ગણાવતા બે ચાર શબ્દો પછી કદાચ હજારો સારા શબ્દો કહેવામાં આવે તો પણ તે પેલા ધારદાર શબ્દોના ઘા ભૂંસી શકતા નથી. બની શકે કે સંબંધ ખૂબ મહત્વનો હોય તો એ તૂટતો નથી. સામેની વ્યક્તિ સમજણ પૂર્વક વ્યવહારિક રીતે તેને નિભાવવા પ્રયત્નશીલ રહે છે. પરંતુ તેમ છતાં એ સાંધો કરેલા સંબંધમાં પહેલા જેવી સ્નેહ, સંવેદના અને આત્મીયતા તો નથી જ રહેતી.

જે સંબંધમાં આંખ બંધ કરીને વ્યક્ત કે અભિવ્યક્ત થતું સહજ વર્તન પછી વિચારીને થાય છે. કારણ સાંધો આખરે સાંધો હોય છે. પછી તે કપડામાં હોય કે સંબંધમાં. સાંધાવાળી વસ્તુની મજબૂતી અને આયુષ્યમાં થોડો ઘસારો તો આવે જ છે. માટે આ શબ્દરૂપી બાણને ચલાવતા પહેલા સો વખત વિચારવું.

ઘણી વખત આપણા બે શબ્દો કોઈના આખા જીવનની પ્રેરણા બની જાય છે. અને ઘણી વખત કોઈના બે જ શબ્દો માણસની જીજીવિશા છીનવી લે છે. તેના આશા અને અરમાનોની પાંખો કાપી નાખે છે. વળી વાણી, વર્તન ,વિચાર કે વ્યવહાર જે આપશો એ જ મળશે. તો કાળજી રાખજો જે જોઈતું હોય એ જ આપજો. તો આપણી અમૂલ્ય શબ્દ સંપત્તિને સાચવીને, સંભાળીને વાપરજો. તેને સંબંધોના સંવર્ધન અને સુશોભન અર્થે વાપરજો તેના વિસર્જન માટે નહીં.

# બજેટ કોર્ય નેજવા



શીર્ષક વાંચીને ઘણાંને નવાઈ લાગશે. પરંતુ તેનો અર્થ થાય છે બજેટ તરફ નજર. કોર્ય એટલે તરફ અને નેજોવા એટલે નજર. આગામી ૨૩મી જુલાઈનાં રોજ લોકસભામાં આપણા મહિલા નાણામંત્રી નિર્મલા સીતારામન સાતમી વખત બજેટ પેશ કરીને એક નવો વિક્રમ સ્થાપિત કરશે. સતત સાતમી વખત બજેટ રજૂ કરવું તે ભૂતકાળમાં મોરારજી દેસાઈનાં કાર્યને ઓવરટેઈક કરશે.પરંતુ હવે તેમણે ગરીબ,મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગ જે રીતે કમરતોડ મોંઘવારીનો સામનો કરી રહ્યોં છે. સરકારનાં વિવિધ ટેક્સનાં કારણે જે રીતે જન સામાન્ય સુધી તેની અસર પહોંચી છે. વિશેષ કરીને મહાનગરમાં વસતાં મધ્યમ વર્ગને હવે પોતાનાં ગુજરાત માટે આખા પરિવારે સતત દોડવું પડે છે. તે હાલતમાંથી તેમને બહાર કાઢવા માટે આર્થિક રાહત પગલાંઓ અત્યંત આવશ્યક બને છે.

છેલ્લું બજેટ ૪૭ લાખ કરોડ રૂપિયાનું હતું. જેમાં હવે ફરી ચાર પાંચ ટકાનો ઉમેરો થવાની સંભાવના દેખાઈ રહી છે તે સ્વભાવિક છે. પરંતુ જે રીતે રાજય અને કેન્દ્રનો જીએસટીનો દર છે તે દર સામાન્ય જનતાને જીવનજરૂરી ચીજ વસ્તુઓમાં અસરકર્તા બન્યો છે. તેમાંથી તેમને રાહત આપવી જોઈએ. ડીઝલ, કૃષિ ઉત્પાદનો અને દવાઓ સહિતની જરૂરી ચીજ વસ્તુઓ ઉપર જીએસટીનાં દરોને ઓછા કરવાં માટે તેની કાઉન્સિલ તો પગલાં લે પરંતુ બજેટમાં પણ તેની જોગવાઈઓ કરવી જોઈએ. રેલવે બજેટ હવે મૂળ બજેટમાં સમાઈ જાય છે.

તે અલગથી રજૂ થતું નથી.તેથી રેલવેની પાસે પણ અપેક્ષાઓ ખૂબ મોટા પ્રમાણમાં છે. માત્ર જે છે તે ચલાવવાનું નથી, પરંતુ નવાં ટ્રેક અને ઉભા કરવા માટે જે તાલુકાઓમાં રેલવેની સુવિધાઓ ઉપલબ્ધ નથી. તેમને આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે બજેટમાં પૂરતી જોગવાઈ હોવી જોઈએ. એટલું જ નહીં આવતા દસ વર્ષમાં તે તાલુકાઓના વિકાસમાં રેલવેએ મહત્વની ભૂમિકા ભજવવાની છે. તેથી તેનો રોડ મેપ પણ તેમાં હોવો જરૂરી છે. સિનિયર સિટીઝન માટે રેલવેમાં જે ટીકીટ રાહત વ્યવસ્થા હતી. તેને બંધ કરવા પાછળનો આશય શું હોય ખબર નથી. પરંતુ આપણે સિનિયરને કયાં સુધી પીડા આપ્યા કરીશું. તેમને મળતી વળતરની સુવિધાઓ રેલવેમાં ફરી ચાલુ થવી જોઈએ અને જીવનનાં ઉત્તરાર્ધમાં તેમને હરવા ફરવાની મોકળાશ રેલવેએ ફરી આપવી જોઈએ. ૨૦૪૭માં વિકસિત ભારતની આપણી કલ્પનાએ માત્ર હવાનો ગુબ્બારો કે શેખચલ્લીનાં સપનાઓ ન બને! પરંતુ ગ્રાસ રૂટ ઉપર તેના અમલીકરણ માટે બજેટની જોગવાઈ થાય. દૂર–દરાજનાં વિસ્તારોમાં ઉદ્યોગો અને તેનું માર્કેટિંગ ઉપલબ્ધ કરાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટનો પ્લાન બજેટમાં જરૂરી છે. નેશનલ હાઈવેમાં જે રીતે કંપનીઓ ટોલટેક્સ ઉઘરાવે છે. તેના માટે ચોક્કસ પોલીસી તૈયાર થવી જોઈએ.રાજયનો વાહન વ્યવહાર વેરો ભર્યા પછી લોકો શા માટે આ ટેક્સ પે કરે અને ક્યાં સુધી કરે ?! તેની પણ એક ચોક્કસ નીતિ જાહેર થવી જોઈએ? ઓછામાં ઓછા ૧૦૦ કિલોમીટરનાં અંતરે એક ટોલટેક્સની જોગવાઈ હોય તે વ્યાજબી છે. પરંતુ ૩૫–૪૦ કિલોમીટરએ આ પ્રકારનો લાગો લેવો એ એક પ્રકારનો અન્યાય છે. રાજાઓએ વટેમાર્ગુ માટે પાણીનાં પરબ બંધાવેલા તમે પૈસા ઉઘરાવ્યા કરો તે અન્યાયમાંથી પ્રજાને છોડાવવી પડશે. આયુષ્યમાન ભારત યોજનામાં ગરીબ વર્ગને ૧૦ લાખ રૂપિયાની સારવારની જોગવાઈ છે. પરંતુ રોજિંદી દવાઓ અને અસાધ્ય બીમારીઓ માટે દવાઓનો ખર્ચ તેમાં સમાવેશ થતો નથી. તો એ દબાઓ સરકારી દવાખાનામાંથી ઉપલબ્ધ કરાવવા માટે વિશેષ ગ્રાંટની જોગવાઈ ભારત સરકાર તરફથી થવી જોઈએ. જે લોકો સામાન્ય મધ્યમ વર્ગીય આવક ધરાવે છે. તેમને વિશેષ કરીને નોકરીયાત વર્ગને બહુ મોટાં પ્રમાણમાં ઈન્કમટેક્સ પે કરવો પડે છે. તેના સ્લેબને રાહત આપીને ટેક્સ પેયર લોકોની સંખ્યા વધારીને ટેક્સને સરભર કરી શકાય તેવી જોગવાઈ થવી જોઈએ. શ્રીમંત વર્ગનાં લોકો પર જે રીતે ટેક્સનો સ્લેબ છે તેમાં વધારીને મધ્યમ વર્ગને તેમાં રાહત આપવી જોઈએ. ૭ લાખની લિમિટ હવે પૂરતી નથી. તેને દસ લાખ સુધી લઈ જવી જોઈએ. ખેડૂતોની આવક બમણી કરવા ખેત જણસોને નિકાસ આપવાંની સ્પષ્ટ નીતિ ઘડવી જોઈએ.ખેતીનુ ઉત્પાદન જીવન જરૂરી છે. તેથી તેને મોંઘવારી સાથે જોડીને નિકાસમાં ઉતાર ચડાવ ન કરવા.બિયારણ,ખાતર વગેરેમાં સબસીડી ચાલું રાખવી. કૃષિ જઢરીયાત પરના જીએસટીને હટાવી દેવો જોઈએ.

બજેટની આ બધી જ માંગણીઓ નરેન્દ્ર ભાઈ ગુઢવારે સાંભળવાનાંછે. તો આ વાત પણ તેઓ બરાબર સ્વીકાર કરે તે જરૂરી છે. હજુ પણ ઘણીબધી માંગણીઓ પર વિશેષ ચર્ચા થઈ શકે પરંતુ મુખ્યત્વે જે વાતો છે તેને મહત્વ આપીએ તો યે ઘણું!

**–તખુભાઈ સાંડપુર**

# અમરેલી : દીપક હાઈસ્કૂલમાં વિદ્યાર્થી અભિવાદન કાર્યક્રમ યોજાયો





સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન સંચાલિત દીપક હાઈસ્કૂલ અમરેલીમાં તારીખ ૧૨/૭/૨૦૨૪ને શુક્રવારના રોજ માનનીય શિક્ષણ અધિકારી મનોહરસિંહજી ગોહિલના અધ્યક્ષ સ્થાને વિદ્યાર્થી અભિવાદન અને પુરસ્કાર વિતરણ કાર્યક્રમનું આયોજન થયુ. મુખ્ય મહેમાન પદે સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી અને અમરેલી HUNDAI શોરૂમનાં માલિક મૃણાલભાઈ ગાંધી અને મધુવન ગોલ્ડ આર્ટના ચંદ્રેશભાઈ ધોળકિયા તથા દર્શનબેન ગાંધિ ઉપસ્થિત રહ્યા. સંસ્થાના આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાયે શાબ્દિક સ્વાગત સાથે સૌને આવકાર્યા અને સંસ્થા પરિચય, સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મુરબ્બી આર.એલ. કાચા સાહેબે આપ્યો. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને દીપ રત્ન, કલારત્ન અને ખેલ રત્ન રજતચંદ્રક આપી. અભિવાદિત કરવામાં આવ્યા. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં એ૧, એ૨ અને બી૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને રાઠોડ પુરસ્કાર, સર્ટિફિકેટ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા. આ ઉપરાંત ધોરણ નવ અને ધોરણ ૧૧ નના ગતવર્ષના પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ભાઈ બહેનોને તથા તમામ વર્ગના શ્રેષ્ઠ વિદ્યાથીૃઓને રાઠોડ પુરસ્કાર અને સર્ટિફિકેટ આપી નવાજમાં આવ્યા. ધોરણ ૧૨ ના ટોપ ટેન વિદ્યાર્થીઓને રસિકભાઈ શાહ સ્કોલશીપના ચેક અર્પણ કરવામાં બોર્ડની પરીક્ષામાં સર્વોતમ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શારદાબેન કિશોરભાઈ મહેતા પુરસ્કારથી વિશેષ સન્માનીત કરાયા. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને બિરાજમાન સર્વ મનોહરસિંહ ગોહિલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા સુંદર સંબોધન કર્યુ અને જીવનના ગોલ સુનિશ્ચિત કરવા સાથે સાથે ઉતમ, ઉમદા માનીવય ગુણો જીવનમાં ઉતારવા કહ્યુ. તો મુખ્ય મહેમાનઓએ વિદ્યાર્થીઓને જીવનના લક્ષ્ય સુચિત કરવા જણાવ્યુ. આ કાર્યક્રમને પીઠબળ પૂરુ પાડવા સંસ્થાના ટ્રસ્ટી સર્વ રજનીભાઈ મહેતા, કમલેશભાઈ જોષી, સુ.શ્રી.ધર્મિષ્ઠાબેન મહેતા ઉપસ્થિત રહ્યા. સંસ્થાના પ્રમુખ મુરબ્બી કિશોરભાઈ મહેતાનો શુભકામનાના વિડીયો સંદેશથી સહુ કોઈને પ્રેરણા મળી. આ કાર્યક્રમમાં સંસ્થાના શુભેચ્છકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને વાલીઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા. આ ઉપરાંત આભાર વિધિ અશરફભાઈ પરમારે કરી.

### સાવરકુંડલા નજીક આવેલ

## ગાધકડા, મોટા ઝીંઝુડા, વંડા સહિતના ગામોમાં આવતીકાલે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

### જરૂરીયાતમંદોને લાભ લેવા અનુરોધ

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકામાં આવેલ જિલ્લા પંચાયતની સીટોના ગામો ગાધકડા, મોટા ઝીંઝુડા, વંડા, વિજપડી ખાતે જિલ્લા પંચાયત અમરેલીના ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પ તેમજ આધાર કાર્ડ કેમ્પ આગામી તારીખ ૧૫/૦૭ને સોમવારે યોજાશે વિશ્વમાં આરોગ્યની મોટામાં મોટી આરોગ્ય લક્ષી આયુષ્માન ભારત યોજના તથા અન્ય વિવિધ યોજનાઓ અંતર્ગત સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન સાવરકુંડલા તાલુકાના ગાધકડા, મોટા ઝીંઝુડા, વંડા, વિજપડી ગામે કરવામાં આવેલ આસર્વ રોગ નિદાન કેમ્પમાં વિવિધ રોગોના નિવારણ માટે સ્થળ ઉપર જ નિઃશુલ્ક નિદાન તેમજ સારવાર કરવામાં આવશે તેમજ જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેનાર લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ અને આધારકાર્ડ સ્થળ ઉપર જ કાઢવામાં આવશે આ ઉપરાંત એન.સી. ડી. પ્રોગ્રામ અંતર્ગત તપાસ અને સારવાર, ટીબી સ્ક્રીનીંગ, કુટુંબ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત સલાહ, તેમજ મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા રોગ અટકાયતી તપાસ અને સારવાર પુરીપાડવા, અને આયુષ ડોકટરો પણ ઉપસ્થિત રહીને ઉકાળા તથા આયુર્વેદ દવાઓનું વિતરણ કરવામાં આવશે જેથી વિવિધ રોગોના લાભાર્થીઓએ કેમ્પનો લાભ લેવા સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરીની ટીમ તાલુકા વિકાસ અધિકારી કે.પી. પરમાર તેમજ તાલુકા વહીવટી તંત્ર દ્વારા સાવરકુંડલા તાલુકાના ગામોનાં લોકોએ લાભ લેવા અપીલ કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **સત્તાધારી પક્ષનાં આગેવાનોને**

લોકશાહી શાસન વ્યવસ્થામાં બંધારણે દેશની જનતા અને ખાસ કરીને જનતાનાં પ્રતિનિધિ ગણાતા સરપંચથી લઈને સાંસદને વિશાળ સત્તાઓ આપેલી છે અને તલાટી મંત્રીથી લઈને કેબિનેટ સેક્રેટરી કક્ષાનાં અધિકારીને જનતાનાં સેવક માનવામાં આવે છે. કારણ કે ગમે તે ઉચ્ચ કક્ષાનાં અધિકારીઓ હોય, તેમનો પગાર, ભથ્થા, સુખ–સુવિધા બધુ જ જનતાનાં કરવેરાનાં નાણામાંથી મળતું હોય છે અને જનતા જ સર્વોપરી હોય છે અને જનતા જેને ગ્રામ પંચાયતથી લઈને પાર્લામેન્ટમાં મોકલે તેને પણ વિશાળ સત્તાઓ મળતી હોય છે. જેમાં સત્તા પક્ષનાં ચૂંટાયેલ જનપ્રતિનિધિઓનાં એક મોબાઈલ ફોનથી અધિકારીઓને દોડવાનું હોય છે.

પરંતુ ભાજપનાં સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓ માત્રને માત્ર નરેન્દ્ર મોદીનો ચહેરો અને અમિત શાહની ચાણકય નીતિથી વિજેતા થતાં હોવાથી ચૂંટાયેલ જનપ્રતિનિધિઓમાં આત્મવિશ્વાસનો અભાવ જોવા મળી રહ્યો છે. જેનો ભરપૂર લાભ જનતાનાં સેવક ગણાતા અધિકારીઓ લઈ રહ્યા છે.

જો કે રાજયમાં આજથી ૪૦ વર્ષ પહેલા કોંગ્રેસ પક્ષની સરકાર હતી ત્યારે સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓ ખરા અર્થમાં જનપ્રતિનિધિ લાગતા હતા તેવું વડીલો જણાવી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરાથી સુરત જતી એસ.ટી. બસ**

અરસામાં શહેરની બહાર ઊભી રાખેલી બસમાં બેઠેલા પેસેન્જર ત્રાહિમામ પોકારી ઉઠયા હતા અને જે તે સમય મર્યાદામાં લોકોને પહોંચવું મુશ્કેલ બન્યું હતું. જેના લીધે લોકોમાં ફરિયાદ ઉઠી હતી કે આવા ઓપરેટરને નોકરી કેવી રીતે કરવી તેનું ભાન કરાવવામાં આવે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી ખાતે ''આમ આદમી પાર્ટી''ની**

નેશનલ જોઈન્ટ સેક્રેટરી ગોપાલભાઈ ઈટાલીયા, ગુજરાત પ્રદેશ મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા, કાંતિભાઈ સતાસિયા અને પ્રદેશ નેતાઓ અમરેલી ખાતે મિશન વિસ્તાર કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. આ મીટીંગમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ, સ્થાનિક હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

હાલ પ્રદેશની તમામ ટીમો મિશન વિસ્તાર કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં જઈ રહી છે.

આગામી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સહિત તમામ ચૂંટણીઓની રણનીતિ અને જે પણ લોકો ચૂંટણી લડવા માંગતા હોય તે મુદે આજે ચર્ચા કરવામાં આવી. અમરેલીમાં ખૂબ જ સમસ્યાઓ વકરી ગઈ છે. નગરપાલિકા ભાજપને આપ્યા બાદ આજે જનતા પસ્તાઈ રહી છે. ગટરની સમસ્યા છે, રોડ રસ્તાઓ નથી, પાણીની સમસ્યા છે, ગંદકીની સમસ્યા ખૂબ જ છે. સ્થાનિક વિસ્તારોમાં સારી હોસ્પિટલો અને સારી સ્કૂલો નથી.

આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આવનારા સમયમાં અમારી ટીમો સ્થાનિક કક્ષાએ કાર્યક્રમ કરશે. આમ આદમી પાર્ટીનો ઉદેશ્ય ભાજપને સત્તાથી દૂર કરવાનો છે. જે રીતે ભગવાન રામ અને તેમની જનતાએ અયોધ્યામાં ભાજપને હરાવી તે જ રીતે ગુજરાતમાં પણ ભાજપને સત્તામાંથી દૂર કરવાનો સંકલ્પ લેવાયો.

પાના ૮ ઉપરનું ચાલું **વિહિપે રોષ વ્યક્ત કર્યો**

છે. હિન્દુ ધર્મસ્થાનો ખોટી રીતે ટાર્ગેટ કરીને હિન્દુ સમાજની લાગણી સામે ખેલવાનુ તંત્રમાં બેઠેલો સરકારી બાબુઓ બંધ કરે. આ બાબતે સરકારમાં રજૂઆત કરીને હિન્દુ તરફેણમાં નિર્ણય કરવાની માંગણી કરેલ છે. આ માંગણી અને વિરોધ વિશ્વ હિન્દુ જીલ્લા પ્રમુખ હીતેશભાઈ મહેતા, જિલ્લા ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, રસમિનભાઈ ત્રિવેદી, બજરંગદળના સયોજક વિદુર બાબસરા, જીગુશુ મહેતા, અશ્વિન વાઢેર, મહાવીર વિસિયા, વિપુલ દવે સહિત કાર્ય કરોએ રોષ અને વિરોધની લાગણી વ્યકત કરી છે.

પાના ૧ ઉપરનું ચાલું **ભારત દેશમાં ''ભાજપ તારા વળતા પાણી''**

પશ્ચિમ બંગાળ :- તૃણમૂલ કોંગ્રેસે રાજ્યની ચાર વિધાનસભા બેઠકો પર કલીન સ્વીપ કર્યું છે. રાયગંજ, બાગદા, રાણાઘાટ અને માનિકતલા બેઠકો પર ટીએમસીના ઉમેદવારોએ શાનદાર જીત મેળવી છે. રાયગંજ બેઠક પરથી ટીએમસીના ઉમેદવાર કૃષ્ણા કલ્યાણીએ ભાજપના ઉમેદવાર માનસ કુમાર ઘોષને ૪૯ હજારથી વધુ મતોના અંતરથી હરાવ્યા હતા. જ્યારે ટીએમસીના ઉમેદવાર મધુપર્ણા ઠાકુરે બાગદા સીટ પર ૩૩૪૫૫ મતોથી જીત મેળવી હતી. આ સિવાય રાણાઘાટથી ટીએમસીના મુકુટ મણિએ બીજેપીના મનોજ કુમાર બિસ્વાસને લગભગ ૩૯ હજાર મતોથી હરાવ્યા હતા. માનિકતલા સીટ પર ટીએમસીના સુપ્તિ પાંડેએ ભાજપના કલ્યાણ ચૌબેને ૪૧૪૦૬ મતોથી હરાવ્યા હતા.

પંજાબ :- જલંધર પશ્ચિમ બેઠક પરથી આમ આદમી પાર્ટીના મોહિન્દર ભગતે બીજેપીની શીતલ અંગુરાલને લગભગ ૩૭ હજાર મતોથી હરાવ્યા છે. પહેલા આ સીટ આમ આદમી પાર્ટી પાસે હતી અને શીતલ અહીંથી ધારાસભ્ય હતી પરંતુ બાદમાં તે બીજેપીમાં જોડાઈ ગઈ અને ત્યારબાદ અહીં પેટાચૂંટણી થઈ હતી.

બિહાર :- બિહારની રૂપૌલી સીટ પર મોટો અપસેટ થયો છે, અહીં ત્નદ્બ અને ઈત્નદ્બ જેવી પાર્ટીઓને પાછળ છોડીને અપક્ષ ઉમેદવાર શંકર સિંહની જીત થઈ છે. જેડીયુના કલાધર મંડલ બીજા ક્રમે જ્યારે આ સીટ પરથી ધારાસભ્ય બીમા ભારતી ત્રીજા ક્રમે રહ્યા છે. બીમા ભારતી જેડીયુમાં જોડાવાને કારણે અહીંની સીટ ખાલી પડી હતી. બીમા ભારતીએ પણ લોકસભાની ચૂંટણી લડી હતી પરંતુ ત્યાં પણ તેઓ ત્રીજા ક્રમે રહ્યા હતા.

તમિલનાડુ :- તામિલનાડુની વિકરાવંડી સીટ પર ડીએમકેએ જીત મેળવી છે. ડીએમકેના અન્નિયુર શિવા શિવાશનમુગમ. એ પટ્ટાલી મક્કલ કાચી પાર્ટી (PMK) ના અન્બુમણિ. સીને ૫૦ હજારથી વધુ મતોથી હરાવ્યા.

મધ્યપ્રદેશ :- મધ્યપ્રદેશની અમરવાડા સીટ પર ભાજપના કમલેશ શાહની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના ધીરેન શાહની હાર થઈ છે.

૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે અમરવાડા સીટ જીતી હતી, પરંતુ કમલેશ પ્રતાપ બાદમાં બીજેપીમાં જોડાયા હતા અને ત્યારબાદ આ સીટ ખાલી પડી હતી.

### આગામી દિવસોમાં મહોરમ હોવાથી

## સાવરકુંડલા ખાતે પીઆઈ દ્વારા મહોલ્લા બેઠકનું આયોજન થયુ

### પોલીસ જનતાનો મિત્ર છે તે સાબિત થયુ




સાવરકુંડલા, તા. ૧૩

દરેક તહેવારો નિમિતે પોલીસ તંત્રની ભૂમિકાઓ હંમેશા સરાહનીય હોવાથી લોકો શાંતિ પૂર્ણ માહોલમાં તહેવારો ઉજવતું આવ્યું છે ત્યારે આગામી મહોરમ નિમિતે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહની સૂચના અને એ.એસ.પી. વલય વૈદ્યના માર્ગદર્શન તળે સાવરકુંડલા પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલા દ્વારા મહોરમ પર્વ નિમિતે સાવરકુંડલા શહેરના મુસ્લિમ અગ્રણીઓ સાથે એક મહોલ્લા મીટીંગનું આયોજન વિસ્તાર વાઈજ કરવામાં આવ્યું હતું જેમાં મુસ્લિમ સિપાહી જમાત ખાને સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજના અગ્રણીઓ સાથે આગામી તહેવારો શાંતિ પૂર્ણ માહોલમાં જે રીતે ઉજવાઈ છે તેને લઈને મહોલ્લા બેઠક યોજી હતી બાદ આઝાદ ચોક, લીમડી ચોક, નૂરાની નગર, મણિનગર, સંઘી ચોક ખાતે મહોલ્લા મીટીંગ યોજી હતી જયારે અગાઉ અન્ય જિલ્લામાં તાજીયા ફરતી વેળાએ ઈલેકિટ્રક શોકથી મુસ્લિમ યુવકોના થયેલા મોત બાદ ખાસ તાજીયા ની સમીક્ષાઓ પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાએ કરી હતી ને જરૂરી સૂચનાઓ તાજીયા બનાવતા કારીગરોને આપી હતી ત્યારે દરેક વખતે શાંતિ સમીતીની મીટીંગો પોલીસ તંત્ર કરતું આવે છે ત્યારે આ મહોલ્લા મીટીંગ કરીને સમાજના અગ્રણી આગેવાનો તથા સમાજના દરેક વર્ગના લોકોસાથે વ્યક્ગિત મળી ને પોલીસ પ્રજાનો મિત્ર હોવાની યુક્તિ ખરા અર્થમાં સાર્થક સાબિત સાવરકુંડલા પોલીસે કરી હતી.

### અનાજ કરિયાણાનાં વેપાર સાથે સંકળાયેલ

## અમરેલીનાં વેપારીઓ આજે પૂ. બજરંગદાસબાપાનાં દર્શન કરશે

### બગદાણા, ઊંચા કોટડા અને ભગુડા દર્શને જશે

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં અનાજ કયિરાણાનાં વેપાર સાથે સંકળાયેલ વેપારીઓ આવતીકાલ રવિવારે ૭ કલાકે સ્લીપર કોચમાં બગદાણા ખાતે બજરંગદાસબાપા, ઊંચા કોટડા ખાતે ચામુંડા માતાજી અને ભગુડા મા મોગલનાં દર્શન કરશે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૧૬૮ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૨ | ૧૨૪૨ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૩૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૧૯૦ | ૧૫૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૭૧ |
| ૬ | તલ કાળા | ૨૬૦૫ | ૩૨૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૮૫ | ૩૫૬૬ |
| ૮ | બાજરો | ૪૩૬ | ૪૭૫ |
| ૯ | જુવાર | ૪૯૫ | ૯૦૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૬ | ૫૯૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૮૭ |
| ૧૨ | મગ | ૧૫૦૨ | ૧૫૫૪ |
| ૧૩ | ચણા | ૧૦૯૬ | ૧૩૧૨ |
| ૧૪ | કપાસ | ૯૮૨ | ૧૫૮૪ |
| ૧૫ | એરંડા | ૧૧૫૭ | ૧૧૬૫ |
| ૧૬ | જીરૂ | ૧૫૦૦ | ૫૧૦૦ |
| ૧૭ | ધાણા | ૯૦૫ | ૧૩૨૫ |
| ૧૮ | સોયાબીન | ૬૭૫ | ૮૪૪ |
| ૧૯ | રજકાનું બી | ૫૧૦૦ | ૫૧૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૧૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૩ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૧૧ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૧૧ |
| ૬ | જીરૂ | ૪૭૦૦ | ૫૧૫૧ |
| ૭ | કપાસ | ૧૨૧૦ | ૧૫૧૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૬૬ |
| ૧૦ | બાજરો | ૩૬૧ | ૪૮૮ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૮૦૧ |
| ૧૨ | મકાઈ | ૫૦૦ | ૫૫૩ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૫૮૦ |
| ૧૪ | અડદ | – | ૨૨૦૫ |
| ૧૫ | ચણા | ૧૧૦૦ | ૧૨૯૩ |
| ૧૬ | તુવેર | ૧૫૦૦ | ૧૮૩૪ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૧૫૯ |
| ૧૮ | મેથી | ૧૦૫૦ | ૧૧૧૬ |
| ૧૯ | સોયાબીન | ૭૫૦ | ૮૬૩ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૧ | ૧૫૭૯ |
| ૨ | મગફળી | ૧૦૮૬ | ૧૧૪૪ |
| ૩ | જીરૂ | ૪૭૬૯ | ૫૦૫૧ |
| ૪ | ઘઉં | ૪૯૬ | ૫૨૪ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૭૬ | ૧૧૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૩૧ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૪૩૩ | ૫૩૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૮૮૫ |
| ૭ | તુવેર | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૮ | ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૯ | સોયાબીન | ૮૧૧ | ૮૫૦ |
| ૧૦ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૨૦૧ | ૧૨૧૧ |
| ૨ | જુવાર સફેદ | ૯૨૫ | ૯૨૫ |
| ૩ | શીંગ દાણા | ૧૬૩૦ | ૧૬૭૫ |
| ૪ | જીરૂ | ૪૮૦૦ | ૪૮૦૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૦ | ૧૪૬૬ |
| ૨ | ઘઉં | ૫૦૨ | ૫૦૨ |
| ૩ | ચણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૪ | સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |
| ૫ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૬ | તલ કાળા | ૩૦૦૧ | ૩૦૦૧ |

### પારડીના ભુવાની કપટલીલાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા

# શાપર વેરાવળમાં ભુવા સહિત પાંચ શખ્સો સામે ગુન્હો દાખલ થયો

## ભુવાએ કબુલાતનામું આપી કાયમી ધતિંગલીલા બંધની જાહેરાત કરી દીધી

અમદાવાદ, તા. ૧૩

રાજકોટ જીલ્લાના લોધિકા તાલુકાના પારડી ગામમાં છેલ્લા સાત વર્ષથી દોરા–ધાગા, ધૂણવું કરનાર ભુવા ધીરૂભાઈ મગનભાઈ ઘરસુડીયા પટેલનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૫ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુવાને દાણા જોવાની વિધિ ડિંડક સાબિત થવાથી કબુલાતનામું સાથે માફી માંગી બંધની જાહેરાત કરીહતી. રીમાએ ભુવા સહિત પાંચ શખ્યો સામે ગુન્હો નોંધાવતા ચકચાર થવા પામી હતી.

બનાવની વિગત પ્રમાણે વિજ્ઞાન જાથાના કાર્યાલયે સરધાર ગામના બાબુભાઈ બાલાભાઈ ઢાંકેચા, દિકરી રીમા સાથે પરિવાર આવીને આપવિતિમાં માહિતીમાં આપી તેમાં પારડીના ભુવા ધીરૂના કારણે બે પરિવારોમાં વિખવાદ થયો અને દિકરી રીમાને બે મહિના પહેલા ષડયંત્ર મુજબ સાસરીયા પક્ષના મુકી ગયા બાદ દાણા જોવામાં રીમાનું લગ્ન જીવન સમાત નહિ થાય તો પરિવારમાં કોઈકનું મોત થશે તેવું કારણ આપી તેડવા આવતા ન હતાં. પતિ સહિત ઘરના સદસ્યોએ ૨૫ તોલા સોનું હસ્તગત કરી લીધું અને પિયર પક્ષને જાકારો આપી દીધો. સમાધાન માટે ખૂબ પ્રયત્નો કર્યા પરંતુ કારગત નિવડા ન હતા. ભુવાના દાણા અવરોધ સાબિત થયા શાપર વેરાવળ રહેતા મુકેશ મેઘજીભાઈ કાપડીયાએ વિલનનું પાત્ર ભજવી ભુવા પાસે કામ કઢાવી લીધું હતું. રીમાને ઘરમાંથી સાસુનો અતિશય ત્રાસ, જેઠાણી ભૂમિએ સાત–આઠ વાર માર માર્યો, જેઠ હાર્દિક બે – ત્રણ વાર પીઠમાં ધબ્બા માર્યા તેવી હકિકત જણાવી રડવા લાગી હતી. પતિ કૃણાલ સારી રીતે રાખતા હોય સહન કરતી હતી. ભુવાના કહેવાથી પતિએ સાથ છોડી દીધો. આપઘાત કરવા જતા ગામ લોકોએ સમજાવી પરત કરી હતી. ભુવાનો રસ્તો વિજ્ઞાન જાથા કરશે તેવું જણાવતા પરિવાર રાજકોટ સ્થિતિ કાર્યાલયે આવ્યો હતો. દિકરી રીમાને બીજો સંસાર માંડવો નથી તેવું મકકમતા હોય માતા – પિતા લાચાર હતા. સમગ્ર હકિકત સામે આવતા ભુવાનો પર્દાફાશ અને ત્રાસની ફરિયાદ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. પ્રફુલ્લાબેન ઢંકેચા અમીતભાઈ રણછોડભાઈ સાક્ષી બનીને જરૂરી આધાર – પુરાવા જાથાને આપ્યા હતા.

સરધારના બાબુભાઈ ઢાંકેચાની હકિકત ખરાઈ કરવા જાથાના ભાનુબેન ગોહિલ, અંકલેશ મનસુખભાઈને પારડી–શાપર વેરાવળરૂબરૂ મોકલતા સત્યતા સાબિત થઈ હતી. પારડીના લોકોએ ભુવા ધીરૂભાઈ મકાનમાં માતાજીનો મઢ આવેલો છે. તેમાં ખોડીયાર માતાજી, સુરાપુરા, મેઘાબાણા, વાછરાદાદાનું સ્થાનક આવેલું છે. શ્રધ્ધાળુઓ માનતા રાખી તાવો કરે છે. છેલ્લા આઠ દર વર્ષથી ભુવાનું જોવાનું કામ ધમધોકાર ચાલે છે. ભુવો વાકચાર્તુયમાં ગમે તેને આંજી, ભોળાના દેખાવમાં લાગતી જીતી લેતો હતો. દાણા પાડવામાં ડબલ હોંશિયાર છે. પ્રસંગોપાત ધૂણે છે. મુકેશ કાપડીયાને વાસંગીદાદા આવે ત્યારે ધૂણે છે. ઘર આંખુ અંધશ્રધ્ધાનું પોટલું છે તેવી માહિતી મળી હતી. ભુવાનો રોલ મુકેશભાઈ સાથે ષડયંત્ર મુજબ રીમાને કાયમી પીયર મોકલી ઘરસંસાર સમાપ્તની દિશામાં લઈ જવાનું કાવત્રું જોવા મળ્યું હતું, તેથી જાથાએ ભુવાનો પર્દાફાશ કરવાનું નકકી કર્યુ હતું.

જાથાના જયંત પંડયાએ ભુવાના પર્દાફાશ માટે મુખ્યમંત્રી, ગૃહ સચિવ, આઈ.જી.પી. રાજકોટ પોલીસ અધિક્ષકને પત્ર પાઠવી પોલીસ બંદોબસ્ત, રક્ષણ સંબંધી વાત મુકતા તંત્ર મંજુરી આપી હતી.

રાજકોટથી જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ એડવોકેટ ભાવનાબેન વાઘેલા, ચંદ્રિકાબેન, રોમિતભાઈ રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકિત ગોહિલ, શાપર વેરાવળ પોલીસ સ્ટેશને પહોંચ્યા જાથાની કામગીરીમાં પી.એસ.આઈ. ઘનશ્યામભાઈ જાડેજા, એ.એસ.આઈ ભુપેન્દ્રભાઈ સોલંકી, હેડ કોનસ્ટે. રાજેશભાઈ બાયલ, પો.કોન્સ્ટે. બ્રિજરાજસિંહ જાડેજા, પો.કોન્સટે. સોનલબેન હરિયાણી, પો.કોન્સટે નિમુબેન મેર સહિત પોલીસ જીપ્સી જાથાનો વાહનો પારડી ભુવા ઘરે પહોંચી ગયા.

ભુવા ધીરૂભાઈ માતાજીના સ્થાનક પાસે બેસી પાટમાં દાણા નાખતા હતા. જાથાના જયંત પંડયાએ પરિચય આપી કાયમી ધુણવું, દાણાની ધતિંગલીલા બંધ કરાવવા આવ્યા છીએ. ભુવો પરિસ્થિતિ પામી હકિકતનો સ્વીકાર કરી ભૂલ કબૂલી લીધી. દાણા જોવામાં સંસાર આગળ ચાલે તેમ નથી તે કેવી રીતે ખબર પડે. ભુવો ભાંગી પડયો હતો. મુકેશ મેઘજીભાઈ ષડયંત્ર કર્યુ છે. તેના કારણે બોલ્યો હતો તેવું જાહેર કર્યુ. જાથાએ માતાજીના કદીપણ અલગ ન કરે તમોએ કેટલા રૂપિયા લીધા તો ના પાડી હતી. બાદ ભુવાને પોલીસ સ્ટેશને લઈ જવાનું નકકી થયું.

પોલીસ સ્ટેશનમાં હાજર પી.એસ.આઈ. ઘનશ્યામસિંહ જાડેજાએ ભુવા તેમજ સરધારના પરિવારની પૂછપરછ કરી, દિકરી રીમાને આશ્વાસન આપ્યું. ભુવાને કાયદાની ભાષામાં વાત કરતાં વારંવાર માફી, ભૂલનો સ્વીકાર કર્યો હતો. કાયમી ધતિંગ બંધની જાહેરાત કરી દીધી હતી.

જાથાના ચેરમેન – એડવોકેટ જાથાના જયંત પંડયાએ ભુવાને ભ્રામકતા, અંધશ્રધ્ધા ફેલાવો ગુન્હો બને છે તેવી સમજ આપી શાપર વેરાવળનાં સાસરીયા પક્ષ સામે અલગ ફરિયાદ દાખલ કરીશું તેવી વાત કરી હતી.ભુવો વારંવાર માફી માગી લેવાથી મબુલાતનામામાં સહી કરતાં બાંહેધરી આપી તેમાં હું ધીરૂભાઈ મગનભાઈ પટેલ રહે. પારડી, છેલ્લા સાત વર્ષથી જોવાનું, દાણા આપવા, ધૂણવાનું કામ કરૂં છું રીમાનો ઘરસંસાર આગળ ચાલે તેમ નથી તેવું જોવામાં આવ્યું હતું તે ખોટું હતું. વેરાવળના મુકેશભાઈની ઈચછા મુજબ બોલ્યો હતો. રીમા, પીપર પક્ષના નિર્દોષ છે, ૨૫ તોલા સોનાની વાતમાં અજાણ હોવાનું, ભૂલથી ભોગ બન્યો છું, કાયમી ધતિંગલીલા બંધની જાહેરાતમાં સહી કરી હતી. લોકોની માફી માંગી લીધી હતી. મુકેશભાઈ કાપડીયા પરિવારને ખબર પડતા બધાએ મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધા હતા.

જાથાએ ૧૨૫૫ મો સફળ પર્દાફાશમાં જાથાના એડવોકેટ ભાવનાબેન વાઘેલા, ચંદ્રિકાબેન, રોમિતભાઈ રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, પોલીસ સ્ટાફમાં પોલીસ સબ ઈન્સ્પેકટર ઘનશ્યામસિંહ જાડેજા, એ.એસ.આઈ. ભુપેન્દ્રભાઈ સોલંકી, હેડ કોનસ્ટે. રાજેશભાઈ બાયલ, પો.કોન્સ્ટે. બ્રિજરાજસિંહ જાડેજા, પો.કોન્સટે. સોનલબેન હરિયાણી, પો.કોન્સટે નિમુબેન મેર સહિત સ્ટાફે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

જાથાએ રાજકોટ જીલ્લા પોલીસ વડા, આઈ.જી.પીનો આભાર માન્યો હતો. પોલીસ સ્ટેશનની સરાહના કરી હતી. પારડીના ભુવા ધીરૂભાઈની ધતિંગ–કપટલીલા કાયમી સમાપ્ત કરાવી હતી. ષડયંત્રના સામેલ બધાસામે અલગ રીમાએ ફરિયાદ દાખલ કરી હતી.રાજયમાં દોરા–ધાગા ધતિંગની માહિતી પુરાવા સાથે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

### ગુજરાતમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર

# સૌરાષ્ટ્રના દરિયામાં મીની વાવાઝોડુ ફૂંકાવાની ચેતવણી

## તા. ૨૫ જૂલાઈ સુધી ગુજરાતમાં સામાન્યથી અધિક વરસાદનું પૂર્વાનુમાન છે અને આગામી છ દિવસ સુધી દેશભરમાં અનેક રાજ્યોમાં વ્યાપક વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં હાલ ચોમાસુ સક્રિય છે અને તેની સાથે ભારે અને તોફાની વરસાદ વરસે તેવી સિસ્ટમ પણ સતત સર્જાતી રહે છે. આજે ઉતર ગુજરાત પર સમુદ્ર સપાટીથી ૩.૧ કિ.મી.ની ઉંચાઈએ હવાનું સાયકલોનિક સર્કયુલેશન જાહેર રહ્યું છે અને સાથે દક્ષિણ ગુજરાતથી કેરલના કાંઠા સુધી ટ્રોફ પણ છે, ત્યારે હાલ ગુજરાતમાં તેમજ બે દિવસ બાદ સૌરાષ્ટ્રમાં ભારે અને વ્યાપકપણે (૭૫ ટકાથી વધુ વિસ્તારોમાં) વરસાદની ચેતવણી હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે. તો તા.૨૫ જૂલાઈ સુધી ગુજરાતમાં સામાન્યથી અધિક વરસાદનું પૂર્વાનુમાન છે અને આગામી છ દિવસ સુધી દેશભરમાં અનેક રાજ્યોમાં વ્યાપક વરસાદની આગાહી કરાઈ છે.

દક્ષિણ ગુજરાત પ્રદેશના નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીના જિલ્લાઓમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. જ્યારે નર્મદા, ભરૂચ સુરત, ડાંગ, તાપી અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુર જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, બોટાદ અને કચ્છ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

દરિયો ગાંડોતૂર બન્યો છે અને સોમનાથ, જુનાગઢ, દ્વારકા, પોરબંદર અને દિવના દરિયામાં ૩.૩થી ૪.૨ મીટર (૧૩.૭૮ ફૂટ) ઉંચા મોજા ઉછળવાનું રેડએલર્ટ અને કચ્છના દરિયામાં ૨.૨થી ૩.૩ મીટરના મોજા ઉછળવા ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે. ઉપરાંત સુરત, ભરુચ અને ભાવનગરના દરિયામાં સમુદ્રનો કરન્ટ તીવ્ર રહેશે અને પ્રતિ સેકન્ડ ૨ મીટરની ઝડપે મોજા ધસમસતા આવવાનું પૂર્વાનુમાન છે. જેના પગલે દરિયાકાંઠે ન્હાવા,બોટીંગ જેવી મનોરંજક એક્ટિવિટી નહીં કરવા તેમજ માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના અપાઈ છે. સૌરાષ્ટ્રના દરિયામાં પ્રતિ કલાક મહત્તમ ૬૫ કિ.મી. સુધી મીની વાવાઝોડુ ફૂંકાવાની પણ ચેતવણી અપાઈ છે.

આજે સુરત, ભરુચ, તાપી, નવસારી, વલસાડ જિલ્લા તથા દમણ પ્રદેશમાં ભારે વરસાદની અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અન્ય જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી અપાઈ છે.

પરંતુ, બે-ત્રણ દિવસ બાદ વરસાદનું જોર વધશે અને તા.૧૬થી ૧૮ જૂલાઈ દરમિયાન ગુજરાતભરમાં વ્યાપક વરસાદની અને ભારે વરસાદનું એલર્ટ જારી કરાયું છે.

તા.૧૬ જુલાઈએ નવસારી,વલસાડ ઉપરાંત અમરેલી, ભાવનગર જિલ્લામાં અતિ ભારે વરસાદનું તથા સૌરાષ્ટ્રના જુનાગઢ, સોમનાથ, બોટાદ જિલ્લા અને દિવ પ્રદેશ તથા આણંદ,વડોદરા,નર્મદા, ભરુચ, સુરત, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ તાપી,ડાંગ જલ્લામાં ભારે વરસાદનું એલર્ટ જારી કરાયું છે. બીજી તરફ, હવામાન વિભાગે પખવાડિયાનું પૂર્વાનુમાન જાહેર કર્યું છે તે મુજબ તા.૨૫ જૂલાઈ સુધી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં વરસાદ નોર્મલ વરસતો હોય તેનાથી અધિક રહેશે.

# બગસરા શરાફી મંડળ દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઈ





બગસરા, તા.૧૩

બગસરા નાગરિક શરાફી મંડળીલી.નીશાખાચલાલાનાસભાસદ કાળુભાઈ ખોડાભાઈ ચાવડા તથા જયસુખભાઈ કાનજીભાઈ કાથરોટીયાનુ આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦/– નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ વેળાએ મંડળીના જનરલ નિતેશભાઈ ડોડીઆ, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ, જયેશભાઈ વિઠલાણી, જયોતિકાબેન રાવલ, એડવાઈઝરી બોર્ડ મેમ્બર ઉમેદભાઈ બસિયા, કમલેશભાઈ વિઠલાણી, જયાબેન કાથરોટીયા, હિતેશભાઈ રામાણી સહિતની ઉપસ્થિતમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ. તેમ શાખા સેક્રેટરી ભરતભાઈ ડોડીયાની યાદી જણાવે છે.

### પેટા ચૂંટણીના પરિણામો બાદ રાહુલ થયા આક્રમક

# ભાજપે રચેલું ભય અને ભ્રમનું જાળું તૂટ્યું : કોંગ્રેસ

## પોતાના ભલા માટે અને બંધારણની રક્ષા કરવા માટે જનતા હવે સંપૂર્ણ રીતે ઈન્ડિયા ગઠબંધનની સાથે છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૧૩

સાત રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકની ભવ્ય જીત બાદ વિપક્ષના નેતા રાહુલ ગાંધીની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ રચેલું 'ભય અને ભ્રમ'નું જાળું તૂટી ગયું છે. આ પેટા ચૂંટણીના પરિણામોએ તે સ્પષ્ટ કરી નાખ્યું છે. સાથે જ તેમણે કહ્યું કે ખેડૂતો, યુવાનો, મજૂરો, વેપારીઓ અને નોકરી કરતા લોકો સહિતના તમામ વર્ગો તાનાશાહીનો ખાતમો કરી ન્યાયનું શાસન સ્થાપિત કરવા માગે છે. પોતાના ભલા માટે અને બંધારણની રક્ષા કરવા માટે પ્રજા હવે સંપૂર્ણ રીતે ઈન્ડિ ગઠબંધનની સાથે છે. મહત્વનું છે કે ૧૩ બેઠકો પર યોજાયેલી આ પેટા ચૂંટણીના પરિણામોમાં ઈન્ડિ ગઠબંધનનું ધમાકેદાર પ્રદર્શન જોવા મળ્યું છે, જેની સામે ભાજપને ભારે નુકસાન થયું છે. આ ૧૩માંથી ૧૦ બેઠક ઈન્ડિ ગઠબંધનના ફાળે ગઈ છે, તો માત્ર બે જ સીટ ભાજપના ભાગમાં આવી છે. એક સીટ પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે.

પહાડી રાજ્યોમાં કોંગ્રેસનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું છે, જેમાં દેવભૂમિ ઉત્તરાખંડમાં કોંગ્રેસે ક્લીન સ્વીપ કરી બંને બેઠકો પર યોજાયેલી પેટા ચૂંટણીમાં જીત હાંસલ કરી છે. તો હિમાચલ પ્રદેશમાં પણ ધમાકેદાર પ્રદર્શ કરી ત્રણ સીટોમાંથી બે પર તો ભાજપે એક બેઠક પર જીત મેળવી છે.

આ સિવાય પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની પાર્ટી તૃણમુલ કોંગ્રેસે ક્લીન સ્વીપ કરી ચારેય બેઠક જીતી લીધી છે. તો મધ્યપ્રદેશની એક બેઠક પર ભાજપ, બિહારની એક બેઠક પર અપક્ષ, પંજાબની એક બેઠક પર આપ અને તમિલનાડુની એક બેઠક પર ડીએમકેએ જીત હાંસલ કરી છે.

### કોંગ્રેસના નેતા પવન ખેડાનો દાવો

# ભાજપ આવનાર તમામ ચૂંટણીઓ હારતું રહેશે

## આ એક એવો ટ્રેન્ડ છે જે લોકસભા ચૂંટણીથી શરૂ થયો અને હવે આગળ વધી રહ્યો છે : કોંગ્રેસ નેતા પવન ખેડા

નવી દિલ્હી, તા.૧૩

દેશના સાત રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકો પર થયેલી પેટાચૂંટણી પરિણામ જાહેર થઈ ગયા છે. લોકસભા ચૂંટણી બાદ ફરી એક વખત NDA vs I.N.D.I.A ગઠબંધનની લડાઈ જોવા મળી છે. આ વચ્ચે કોંગ્રેસ નેતા પવન ખેડાએ દાવો કર્યો કે, આ એક એવો ટ્રેન્ડ છે જે લોકસભા ચૂંટણીથી શરૂ થયો અને હવે આગળ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં ભાજપ આવનાર તમામ ચૂંટણી હારતી રહેશે. અમારા માટે આ ટ્રેન્ડ ૨૦૧૪માં શરૂ થયો હતો. આ તો બસ શરૂઆત છે.

એક ન્યૂઝ એજન્સી સાથે વાતચીત કરતા કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું કે, ૨૦૧૪ બાદથી અમે અમેક ચૂંટણી હાર્યા અને હવે ભાજપ પણ એવા જ સમયમાંથી પસાર થશે. ૧૩ વિધાનસભા બેઠકો પર થયેલી પેટાચૂંટણીમાંથી ૧૧ બેઠકોના પરિણામ જાહેર થઈ ગયા છે. જ્યાં આ વખતે I.N.D.I.A ગઠબંધન NDA પર ભારે પડ્યું છે અને વિપક્ષી ગઠબંધને ૧૦ બેઠકો પર કબજો જમાવ્યો છે.

ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ વલણો પ્રમાણે હિમાચલ પ્રદેશમાં ત્રણ બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસે બે અને ભાજપે એક બેઠક પર જીત હાંસલ કરી છે. આ બેઠકો પર પેટાચૂંટણીની જરૂરિયાત એટલા માટે ઊભી થઈ કારણ કે ૨૭ ફેબ્રુઆરીના રોજ યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ૩ અપક્ષ ધારાસભ્યો હોશિયાર સિંહ (દેહરા), આશિષ શર્મા (હમીરપુર) અને કેએલ ઠાકુર (નાલાગઢ)એ ભાજપના પક્ષમાં મતદાન કર્યું હતું. આ ધારાસભ્યોએ ૨૨ માર્ચના રોજ રાજ્ય વિધાનસભામાંથી રાજીનામું આપી દીધું હતું અને બીજા દિવસે ભાજપમાં સામેલ થઈ ગયા હતા.

ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે વિપક્ષી ગઠબંધને પેટાચૂંટણી વાળી ૧૩ બેઠકોમાંથી ૮ બેઠકો પર જીત નોંધાવી છે જ્યારે બે બેઠકો પર I.N.D.I.A ગઠબંધનના ઉમેદવાર આગળ છે.

આ ઉપરાંત ભાજપે હિમાચલ પ્રદેશની હમીરપુર બેઠક અને મધ્યપ્રદેશની અમરગઢ બેઠક પર જ જીત મેળવી છે. આ સાથે જ બિહારની રૂપૌલી બેઠક પર અપક્ષ ઉમેદવારે જીત મેળવી છે. આ ઉપરાંત ઉત્તરાખંડની બદ્રીનાથ બેઠક પર કોંગ્રેસના લખપત બુટોલાએ જીત મેળવી છે.

# અમરેલી જિલ્લામાં તા.૨૪ જુલાઈ સુધી સભા–સરઘસ અને હથિયારબંધી

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં મુસ્લીમ સમુદાયના તહેવાર મોહરમ–તાજીયાની ઉજવણી થવાની છે. તેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ–શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ કલમ–૩૭(૧), ૩૭(૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. જે અમરેલી જિલ્લામાં તા.૧૦, જુલાઈથી ૨૪, જુલાઈ ૨૦૨૪ સુધી અમલી રહેશે. જિલ્લામાં સભા–સરઘસ હથિયાર બંધી, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરી કે પરવાનગી સીવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરી–પરવાનગી સીવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી–કર્મચારીને કે શારીરિક અશકત વ્યકિતઓને આ હુકમ લાગુ પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિનયમ–૧૯૫૧ કલમ–૧૩૧ અને કલમ ૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

### સામાજિક વનીકરણ અંતર્ગત

# કણકોટ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કરાયું

## શિક્ષણ સમિતિનાં ચેરમેન અધ્યક્ષ સ્થાને યોજાયો કાર્યક્રમ



લીલીયા મોટા, તા.૧૩

લીલીયા મોટાના કોણકોટ પ્રાથમિક શાળા–તાલુકા– લીલીયા મોટામાં સામાજિક વનીકરણ અંતર્ગત તા. ૧૩/૭/૨૦૨૪ ને શનિવારનાં રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિનાંચેરમેન રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત આ કાર્યક્રમમાં અન્ય મહાનુભાવોમાં તાલુકા પંચાયતનાં પ્રમુખ ગીતાબેન કાનજીભાઈ નાકરાણી, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, લીલીયાનાં સરપંચ જીવનભાઈ વોરા, ઘનશ્યામ ભાઈ મેઘાણી, તુષારભાઈ ધોરાજીયા, કણકોટનાં સરપંચ ધર્મિષ્ઠાબેન સુરેશભાઈ રામાણી, વિસામણભાઈ ખાંભલીયા, એસ.એમ.સી અધ્યક્ષ હરેશભાઈ ભારોલા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને શાળામાં ઉત્સાહ ભેર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવેલ કાર્યક્રમમાં શાળાના નિયમિત દાતા જીવનભાઈ વોરા તરફથી શાળાને ૧૫૦ જેટલા ફૂલ છોડનાં રોપ અર્પણ કરેલ જે માટે શાળા વતી આચાર્ય જીવનભાઈ વોરા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ. કાર્યક્રમના અંતે ભીખાભાઈ ધોરાજીયા એ જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન આપેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### મનુભાઈ ખુમાણે માંગ કરી

# રાજુલા : ભારદ્વાજ આશ્રમનાં મંહતને અન્યાય કરવાનું બંધ કરો

## સાસંદ અને ધારાસભ્ય મદદ કરે તેવી માંગ

રાજુલા, તા. ૧૩

રાજુલાના કાઠિ ક્ષત્રિય સમાજના અગ્રણી તેમજ સામાજીક કાર્યકર મનુભાઈ એમ. ખુમાણનો જંગલ ખાતા સામે આક્રોશ સાથે જણાવે છે, કે ભારદ્વાઝ આશ્રમ હનુમાન ગાળા વરસોની જુનું પુરાણ અઢારે વરણનું આસ્થાનું કેન્દ્ર છે. આ જંગ્યાના હાલના મહંત તેમજ પૂર્વ મંહતો સેવાકી પ્રવૃતિ જ કરતા અને યાત્રાળુઓને ઉતારા માટે સહયોગી બને છે.

વર્ષો પહેલા બાજરીયા નેસમાં બાજરીયા આશ્રમના મહંતને જંગલ ખાતાના અધિકારીઓ દ્વારા યેનકેન પ્રકારે આશ્રમ છોડી દેવાની ફરજ પાડવામાં આવેલ.

આ તકે અમરેલી જિલ્લાના સાંસદ રાજુલા, જાફરાબાદ તથા ખાંભાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી આ બાબતે સહયોગી બની મુખ્યમંત્રી તથા વનમંત્રી સુધી હનુમાનજીના ભકતોનો અવાજ પહોંચાડે એવી માંગ કરેલ છે.

### જેલમાં ૮.૫ કિલો વજન ઘટ્યું

# કેજરીવાલ કોમામાં જઈ શકે છેઃ AAP નેતા સંજય સિંહ

## કેન્દ્રની મોદી સરકારનો હેતુ કેજરીવાલને જેલમાં રાખીને તેમના જીવન સાથે રમત રમવાનો છે : સંજય સિંહ

નવી દિલ્હી, તા.૧૩

આપ સાંસદ સંજય સિંહે અરવિંદ કેજરીવાલના આરોગ્યને લઈને ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે. સંજય સિંહે એક વાર ફરીથી ભાજપ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે કેન્દ્રની મોદી સરકારનો હેતુ કેજરીવાલને જેલમાં રાખીને તેમના જીવન સાથે રમત રમવાનો છે. આમ આદમી પાર્ટીના રાજયસભા સાંસદ સંજય સિંહે શનિવારે દાવો કર્યો કે ભાજપ અને તેમની કેન્દ્ર સરકાર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જીંદગી સાથે રમી રહી છે. જેમનું વજન જેલમાં રહ્યા દરમિયાન ૮.૫ કિલો ઘટી ગયું છે અને શુગર લેવલ ૫૦ મિલીગ્રામ/ડીએલથી નીચે પાંચ વખત જઈ ચૂક્યું છે.

સંજય સિંહના દાવા પર ભાજપ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. સંજય સિંહે કહ્યું કે કેજરીવાલની આરોગ્ય સ્થિતિ એવી છે કે જો તેમને ટૂંક સમયમાં જેલમાંથી બહાર ન લાવવામાં આવ્યા અને સારવાર ન કરવામાં આવી તો તેમની સાથે કોઈ પણ ગંભીર ઘટના ઘટી શકે છે.

સંજય સિંહે જણાવ્યું કે ડોકટરોના જણાવ્યા અનુસાર આવી હાલતમાં કોઈ કોમામાં પણ જઈ શકે છે. રાતના સમયે જેલ કોઈ ડોકટર પણ રહેતાં નથી. સંજય સિંહે કહ્યું, જરૂર એ વાતની છે કે કેજરીવાલને જેલમાંથી બહાર લાવીને તેમની સારી રીતે તપાસ અને સારવાર કરાવવામાં આવે. પરંતુ કેન્દ્ર સરકાર તેમને જેલમાંથી બહાર આવવા જ દેતી નથી. દરમિયાન તેમની સાથે કંઈ પણ ગંભીર બાબત થઈ શકે છે.

સંજય સિંહે જાલંધરની પેટા ચૂંટણીમાં આપ ઉમેદવારની જીત પર શુભકામનાઓ આપતાં કહ્યું કે ત્યાં રાજ્ય સરકાર ખૂબ મજબૂત છે, જનતા પણ સરકારના કાર્યથી ખુશ છે જ્યારે જે આપને છોડીને ગયું, તેનું રાજકારણ જ ખતમ થઈ ગયું.

# અમરેલી તાલુકામાં જીલ્લા પંચાયત સીટ વાઈઝ સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા.૧૩

માન. જિલ્લા વિકાસ અધિકારી સા.શ્રીનાં માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, આર.એમ.જોષી સા.તાલુકા હેઠળ ઓફિસર અમરેલી દ્વારા અમરેલી તાલુકાના જીલ્લા પંચાયત સીટ વાઈઝ સર્વ નિદાન કેમ્પનુ આયોજન આગામી તા.૧૫/૦૭/૨૦૨૪ને સોમવારના રોજ સવાર ૯:૦૦ કલાકથી ૧:૦૦ કલાક સુધી તમામ રોગોની ડોકરટર ઓ દ્વારા સારવાર આપવામાં આવશે અને જરૂરી જણાય તો લેબોરેટરી પણ કરવામાં આવશે. જેમાં અમરેલી તાલુકામાં જીલ્લા પંચાયત સીટમાં કેમ્પોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં (૧) વાંકીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (૨) ચિતલ સામુહિક આરોગ્ય કેન્દ્ર (૩) મોટા આંકડીયા પ્રાથમિક શાળા અને (૪) કેરીયાનાગરસ પ્રાથમીક શાળામાં રાખવામાં આવેલ છે.

તો દરેક લાભાર્થીએ આ કેમ્પોના લાભ લેવા અને જો લાભાર્થીને આભા કાર્ડ અને પીએમજેએવાય કાર્ડ બાકી હોય તો આવકનો દાખલ, આધારાકાર્ડ, રેશન કાર્ડ સાથે લાવવા જેથી કાર્ડ કાઢવામાં આવશે. તો તેનો પણ લાભ લેવો આ કેમ્પોમાં સા.આ.કે.મેડીકલ ઓફિસર તથા સ્ટાફ તથા પ્રા.આ.કે.મેડિકલ ઓફિસર તથા સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવશે.

ઉપરોકત તમામ કેમ્પોને સફળ બનાવવા તમામ આગેવાનોએ કાર્યક્રમમાં હાજરી આપવા નમ્ર વિનંતી કરવામાં આવે છે. તેમ એક યાદીમાં તાલુકા હેલ્થ સુપરવાઈઝર જે.બી. જોષી યાદીમાં જણાવેલ છે.




## સત્તાધારી પક્ષનાં ધારાસભ્ય જનતા સાથે વર્ગ-૨ નાં અધિકારીને રજૂઆત કરવા માટે દોડયા

# આ તે કેવું : સત્તાધારી પક્ષનાં આગેવાનોને રેલી સ્વરૂપે આવેદનપત્ર પાઠવવું પડે !

**લોકશાહી શાસન વ્યવસ્થામાં જનતા અને જનપ્રતિનિધિઓને વિશાળ સત્તાઓ બંધારણ દ્વારા મળેલ છે**

**ભાજપ સરકારમાં પદાધિકારીઓને પોતાની સત્તાની કોઈ જાણકારી હોય તેવું લાગતું નથી**

**માત્ર નરેન્દ્ર મોદીનાં નામે વિજેતા થયા હોવાથી જનપ્રતિનિધિઓમાં આત્મવિશ્વાસ પણ જોવા મળતો નથી**

**અધિકારીઓ જનપ્રતિનિઓની નબળાઈ જાણી ગયા હોવાથી તેઓ આડા અવળા જવાબો આપી રહ્યા છે**

ફાઈલ તસ્વીર







અમરેલી, તા. ૧૩

ખાંભાનાં હનુમાનગાળા આશ્રમમાં શ્રધ્ધાળુઓનાં પ્રવેશ મામલે વિવાદ થતાં ગઈકાલે સમગ્ર પંથકનાં શ્રધ્ધાળુઓમાં રોષ ભભુકી ઉઠતાં ગામ બંધ સહિતનાં આંદોલનાત્મક કાર્યક્રમ યોજાયા અને શ્રધ્ધાળુઓનું સંમેલન યોજાયા બાદ રેલી સ્વરૂપે વર્ગ-૨ નાં અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. જેમાં આશ્ચર્ય એ બાબતનું છે કે સ્થાનિક ધારાસભ્ય કે જેઓ સત્તાધારી પક્ષનાંછે તેઓ પણ રેલીમાં જોડાયા અને વર્ગ-૨ નાં અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું.

અનુસંધાન પાના ૬ ઉપર

## હિન્દુ સમાજની લાગણી સાથે રમવાનું બંધ કરો

# રાજુલા અને હનુમાનગાળા મંદિરનાં વિવાદ મામલે વિહિપે રોષ વ્યકત કર્યો

**રાજય સરકાર સમક્ષ રજુઆત કરવાની તૈયારી**

રાજુલા, તા. ૧૩

રાજુલાના મંદિરને તોડી પાડવા અને હનુમાનગાળાના દર્શન બંધ કરવાની હીલચાલ સામે અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદે વિરોધ વ્યકત કર્યો છે. ખાંભાના ગીર વિસ્તારમાં આવેલ અતી પૌરાણિક અને પ્રસિધ્ધ હનુમાનગાળાને બંધ કરવાની હિલચાલ સામે તેમજ રાજુલામાં આવેલા ૪૦ જેટલા હનુમાનજી અને અન્ય દેવી દેવતાના મંદિરોને મહેર નડતરરૂપ હોવાનુ કારણ ધરી હટાવવાની ચાલતી ગતિવીધી સામે વિશ્વ હિન્દુ પરિષદે વિરોધ અને રોષની લાગણી વ્યકત કરી

અનુસંધાન પાના ૬ ઉપર

## વડિયા અને બગસરા પોલીસ દ્વારા ઝડપાયા બાદ

# વડિયાના અરજણસુખ ગામની સીમમાં મોટી સંખ્યામાં દારૂની બોટલનો નાશ કરાયો

**રૂપિયા ૪.૪૯ લાખનાં મુદ્દામાલનો નાશ કરાયો**





વડિયા, તા. ૧૩

ભાવનગર રેન્જ આઈ.જી.પી.ગૌતમ પરમાર ભાવનગર રેન્જ, ભાવનગર તથા અમરેલી જિલ્લાના પોલીસ અધિક્ષક હિમકરસિંહનાઓ દ્વારા જીલ્લાના પોલીસ સ્ટેશનમાં જમા રહેલ મુદ્દામાલ નિકાલની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય.જે અન્વયે કોર્ટમાંથી મંજૂરી મેળવી અમરેલી વિભાગના વિભાગીય પોલીસ અધિકારી ચિરાગ દેસાઈ તથા બગસરા સબ ડીવી.મેજિ. કે.વી.નંદા તથા અમરેલી નશાબંધી ઈન્સપેકટર. એમ.બી. સોલંકી તથા બગસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.ડી.સાળુંકે તથા વડીયા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. કે.એલ.ગળચર તથા પંચોની હાજરીમાં વડીયા પોલીસ સ્ટેશનના અરજણસુખ ગામની સીમમાં વડીયા પોલીસ સ્ટેશનના જુદા જુદા પ્રોહીના ૧૦ ગુન્હામાં કબજે કરવામાં આવેલ ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ -૧,૮૯૩ જેની કિંમત રૂપિયા ૪,૪૯,૨૩૧ /- તથા બગસરા પોલીસ સ્ટેશનના જુદા જુદા પ્રોહીના ૨૧ ગુન્હામાં કબજે કરવામાં આવેલ ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ - ૧૦૭ જેની કિંમત રૂપિયા ૩૯,૦૦૦ /- મળી બંને પોલીસ સ્ટેશનના કૂલ પોહીના ૩૧ ગુન્હાની ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ - ૨,૦૦૦ /- જેની કિંમત રૂપિયા ૪,૮૮,૨૩૧ /- મુદ્દામાલનો નાશ કરવામાં આવેલ છે.

## પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે ''આમ આદમી પાર્ટી''ની સંગઠનલક્ષી મહત્વની બેઠક યોજાઈ

**સ્થાનિક ''આપ''ના નેતાઓ ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા. ૧૩

આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતના તમામ ૫૫૦૦૦ બુથોના સંગઠન નિર્માણ માટે મિશન વિસ્તાર કાર્યક્રમની શરૂઆત કરી છે. આજે મિશન વિસ્તાર કાર્યક્રમ હેઠળ અમરેલીમાંબેઠક યોજવામાં આવી હતી. આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી,


અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)